بسم الله الرحمن الرحيم

જણું કદર.

(એક ઇસ્લામી વાર્તા.)

છપાવી પ્રગટ કરનાર.

નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશી.
પાંચપટી—અમદાવાદ.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦.

કીંમત સાત આના.

ધી નિઝામીયા પ્રી. વર્કસ (છાપખાનું)—અમદાવાદ.

૭૮૯

જહાંદદર

(એક ઇસ્લામી વાર્તા)

છપાવી પ્રગટ કરનાર,

નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશી.

પાંચપટી—અમદાવાદ.

આવૃતી બીજી. પ્રત ૧૦૦૦.

કીમત સાત આના.

પાંચપટી અમદાવાદમાં આવેલા ધી નિઝામીયા પ્રી. વર્કસમાં
મી. નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશીએ છાપી.

અર્પણ પત્રીકા.

મુનશી વલીમોહમ્મદ સી. મોઅમિન સાહેબ,

અહમદાબાદી.

હાલ માણાવદર સ્ટેટ,

કાઠીયાવાડ.

પ્રિય સ્નેહી:—

તમારા અને મારા વચ્ચે આજ લાંબા સમયથી જે પવિત્ર સ્નેહનો સંબંધ જોડાયલો છે તેની અહના યાદ તરીકે આ નાહનું નોવેલ તમનેજ અર્પણ કરતાં આનંદ માનું છું.

તા. ૨૫-૪-૧૫ } લી. સ્નેહાધિન

આમદાવાદ. } નિઝામ.

પ્રસ્તાવના.

શરૂઆતના બે બોલ.

પ્રત્યેક પુસ્તકના પ્રારંભમાં પ્રસ્તાવના લખવાનો રીવાજ પ્રથમથીજ ચાલતો આવેલો હોવાથી મારે પણ મજકુર વાર્તાના પ્રારંભમાં કાંઈક લખવું જોઈએ પરંતુ મુશ્કેલીની વાત એ છે કે હું મારી આ વાર્તાને કોઈબી રીતે પ્રસ્તાવના લાયક ન સમજતો હોવાથી માત્ર બે બોલ લખી ઉપર મુકેલા મથાળાના મતલબને પુરું કરૂં છું.

આ વાર્તાનો પ્લોટ એક ઉર્દુ નોવેલ ઉપરથી લેવામાં આવ્યો છે આ વાર્તામાં લખેલી ગુજરાતી ભાષા મુસલમાનો સહેલાઈથી સમજી શકે તેટલા માટે બનતી કોશીશથી સહેલીજ રાખવામાં આવી છે અને ઉર્દુ શબ્દોનો વધારે સમાવેશ કર્યો છે, તો પણ મનુષ્ય માત્ર દોષને પાત્ર હોય છે. તેથી રહી ગએલી ભુલો સુધારીને વાંચવા દરેક વાંચકને વીનંતી કરૂં છું.

કર્તા.

ડાંકદર.

પ્રકરણ પહેલું.

ઘેરી દુષ્ટાએ યુવતી, કરી યુવકે સહાય;
બી રોપાયું પ્રેમનું, યુવક યુવતી માંય.

એક વખતે રંગરાગમાં રંગીલી બનેલી દીલ્હી અને અમન ચેનના સબબે શાન્ત બનેલી દીલ્હી, તથા રંગીલા માલેકના રંગીલાપણાથી ગુલઝાર બનેલી દીલ્હી, આજે પોતાનાં પ્યારા બાળકોના લોહીથી લાલચોળ બની ખુંખ્વાર આંખો ચમકાવી પરદેશીઓને નીહાળી રહી છે. જે દીલ્હી માત્ર થોડાજ

કેટલાક અગાઉ તબલાઓની થાપ અને સારંગીના સુંદર સરોદોની લહેરથી મસ્ત બની રહી હતી તે અત્યારે રૂદન અને વિલાપના છાતી ફાડી નાખનારા અવાજોથી સાંભળનારના જીગરમાં દુઃખના પહાડો ઉભા કરી રહી છે. જે દીલ્લી થોડાજ વખત પહેલાં પાઘડી શેલા કે મનહર ટોપીથી માથાને દીપાવી રહેલા જુવાનોના હરવા ફરવાથી દેદીપ્યમાન થઇ રહી હતી તે અત્યારે તેજ જુવાનોની લાશોથી ભરપુર થવા પામી છે. જે દીલ્લીવાશીઓના માથાં મુગટ અને મણીથી શોભીતા થઇ રહ્યાં હતાં તે અત્યારે દીલ્લીની સડકો અને ગલીઓમાં લોહીથી ખરડાએલા નજરે પડે છે. જે દીલ્લી-વાશીઓ અત્તર અને ગુલાબથી ચોળેલા પોશાકો પોતાના શરીરપર ધારણ કરતા હતા તે શરીરો અત્યારે સુગંધીમય પોશાકોની સાથે ધુળમાં પડેલા છે અને થોડીજ વારમાં સદાને માટે ધુળમાં મળી જવાની તૈયારીમાં છે. અહા ! શું ફિરતારની કળા છે ! અહા ! શું પરવરદીગારની કુદરત છે ! જે દીલ્હીવાશીઓ માત્ર થોડીજ પળ અગાઉ બનીઠની સુંદર પોશાકોથી સજ્જ થઇ ઘોડાઓપર અસવારી કરી ઘરની બહાર નીકળ્યા હતા તે અત્યારે માટીમાં મળી જનારી લાશના રૂપમાં પોતાને ઘેર પાછા વળ્યા છે કે વળવાની તૈયારીમાં છે. ટુંકમાં કહીએ તો અકબર, જહાંગીર અને શાહજહાં પાદશાહોના વખતની ગુલઝાર દીલ્લી અત્યારે દીલ્લીવાશીઓની કતલથી ગમગીનીમાં ગરકાવ બની લાલ આસુંઓની ધારા વરસાવી રહી છે.

પણ છે શું ? શું મોહમ્મદશાહ બાદશાહ જે રંગીલાના ઉપનામથી ઓળખાય છે તેને ગાદીપરથી ઉઠાડી મુક્યો ? શું નાસુરજાહ બહાદુર દીલ્લીની પ્રજાને રઝળતી રખડતી અને બરબાદ

થતી સ્થીતીમાં મુકી ચાલ્યા ગયા ? શું લખનઉવાળા નવાબ બહાદુર સઆદતખાન પાટનગર દીલ્લીમાં નથી ? કે આવી રીતે દીલ્લીવાશીઓ પર જુલમ ગુજરી રહયો છે અને છેક ઇરાનથી મોહમ્મદ શાહનો મેહમાન બની દીલ્લીમાં આવેલો નાદિરશાહ ઉઘાડી તલવાર મુકી દીલ્લીવાશીઓની કતલે આમનો હુકમ આપી ઘાતકી અને નિર્દય બનીને બેઠો છે ? અને ઇરાની સીપાઓ દીલ્લીવાશીઓના માથાને કંદમુળની પેઠે પોતાની શમશીરોથી કાપી લોહીની નીકો વહવડાવે છે આ ગરીબ દીલ્લીવાશીઓ પર ગજબ ન કહેવાય તો બીજું શું કહેવાય ?

એક તરફ કતલ થએલા દીલ્લીવાશીઓની લાશોનો છાતી ફાડનારો દેખાવ અને બીજી તરફ ઇરાની સીપાહોની નિર્દયતાનો સીન વધુ વાર ન બતાવતાં વાંચકોનું લક્ષ બીજીજ તરફ ખેંચવામાં આવે છે જ્યારે નાદિરશાહી હુકમની ખબર દીલ્લીના દરેક રેહનારને પડી ત્યારે તેમાંના જે શુરા અને બહાદુર હતા તેઓ તલવારો લઇને મેદાનમાં પડયા અને જે બીકણુ તથા એશઆરામના સબબે પુર્વજો તરફથી મેળવેલ શુરાતનપણું ગુમાવી બેઠા હતા તેઓ પોતાની માલમીલકત અને છોકરા બચ્ચાની સાથે વાડી બગીચા તથા ઘરબાર મુકી દીલ્લીની બહાર અમનની જગ્યા શોધવા નાહસી ગયા હતા તેથી દીલ્લી શહેરમાં અત્યારે ભારે શુન્યકાર ભાસી રહ્યું હતું. મોહટા મોહટા મહેલોનાં બારણાં ચોપાટ ઉઘાડાં પડયાં હતાં જે મેહલોની દેવડીઓ ઉપર પચાસ પચાસ અને સાઠ સાઠ માણસો પેહરા ઉપર રહેતા હતા તે દેવડીઓ અત્યારે સુની પડી હતી. અહા ! કેવો ભયંકર દેખાવ ! એક નાદિરશાહના હુકમનો આટલો

એવી અસર કે જોત જોતામાં હજારો માનવીઓ બજાન થઇ ગયા અને સેંકડો સ્વદેશ તજીને ચાલતા થયા. જે વખતે ઇરાનીઓ દીલ્લીવાશીઓ પર પોતાની તલવારોના દાવ અજમાવતા હતા અને બીકણ અમીરો ઘરબાર મુકી નાસતા હતા તે વખતે કેટલાક ઇરાની સીપાઇઓ હાથમાં લોહીથી ખરડાએલી તલવારો લઇ દીલ્લીવાશીઓના ઉઘાડા રહેલા ઘરોમાં પેસી લુટ ચલાવતા હતા. દીલ્લીવાશી અમીરોના મહેલ્લામાં બે ઇરાની સીપાઇઓ ગયા અને એક મોહટા મહેલના ચોક આગળ આવ્યા જ્યાં તેઓની નજર એક યુવાન બાળા ઉપર પડી જે અત્યારે પોતાની સામે ઉઘાડી તલવારો લઇ આવતા ઇરાની સીપાઇઓને જોઇ અકળાયલી અને ધબરાયલી લાગતી હતી, અને બીકના લીધે થર થર ધ્રુજતી તથા કંપતી હતી. તેણીના શરીરમાં બે પારકા ઘાતકી પુરૂષોને જોઇ પરસેવાના રેલેરેલા છુટવા લાગ્યા. ઇરાની સીપાઇઓ આ યૌવનમાં ભરપુર ઘુંઘરીઆળા વાળવાળી તથા જોબનના મદમાં મસ્ત બનેલી અને ચંદ્રને શરમમાં નાંખી દેનાર મુખવાળી બાળાને જોઇ બેભાન સ્થીતીમાં આવી પડયા અને સ્તબ્ધ પુતળાની પેઠે કાંઇ પણ હાલ્યા ચાલ્યા વિના તેણીના મનોહર અને મસ્ત ચક્ષુઓવાળા મુખને નીહાળતા તેણીના સામે ઉભા રહ્યા. દશ મીનીટની ચુપકીદી બાદ તેમાંના એક સીપાઇએ ફારસી ભાષામાં તે મૃગનયનીને પુછયું.

સીપાઇ—સુંદરી આપ કોણ છો? અને આવા મોહટા મહેલમાં એકલા કેમ રહ્યા છો?

યુવતી—(ફારસી ભાષામાં ધબરાઇને બીહતાં બીહતાં) તમોને એ સવાલ પુછવાની કાંઇ જરૂર નથી, પૈસો ટકો જેટલો

જોઇતા હોય તેટલો પેલી સામેની કોટડીમાંથી લઇ લ્યો અને ચાલતા થાઓ.

૧. સીપાઇ—બાળા! પૈસાની વાતો પછી, પ્રથમ એ કહો કે તમે કોણ છો?

યુવતી—હું કોણ છું તે બતાવવાની કોઇ જરૂર નથી પૈસા જોઇતા હોય તો જાઓ.

૧. સીપાઇ—અમે પૈસાના લાલચુ નથી પણ તમે પ્રથમ કહો કે તમારા માતપીતાના નામ શું?

યુવતી—એ હું બતાવી શકતી નથી.

૨. સીપાઇ—(પહેલા સીપાઇને બોલતો અટકાવીને) જો આપની ઇચ્છા માતપીતાના નામ બતાવવાની ન હોય તો અમને કાંઇ વધારે પુછવાની જરૂર નથી પણ શું તમે અમારા સાથે ચાલશો?

યુવતી—(ગુસ્સાના આવેશમાં આવી જરા પાછળ હઠીને) શું હું તમારી સાથે આવું? ના! ના! જીવતાં તો નહિ!

આટલું કહેવાની સાથેજ યુવતીએ પોતાની કમરમાંથી કટારી કાઢી અને તે હાથમાં મજબુત પકડી બન્ને સીપાઇઓના સામે તાકી ઉભી રહી. ઇરાની સીપાઇઓ અબળાની બહાદુરી જોઇ અચંબામાં પડી ગયા અને બહુ હેરતની સાથે એક બીજાના મુખ સામે જોયું અને પહેલા સીપાઇએ બીજાને કહ્યું.

૧. સીપાઇ—આ બાળા તો બહાદુર જણાય છે.

૨. સીપાઇ—અરે બહાદુર શાની ? એક હાથના બરાબરે નથી.

૧. સીપાઇ—ના ! ના ! જરા જોતો ખરો, તેના મનોહર મુખની ઉજ્જવળતામાં બહાદુરીનો કેવો પ્રકાશ પડી રહ્યો છે, હું તો તેની અમર કટારીનોજ ઘાયલ બની ચુકયો છું.

૨. સીપાઇ—અરે જા જા ગાંડા ! આવું શું બોલે છે. એ બીચારીના શા ભાર છે.

૧. સીપાઇ—હું તો તેને વશ થઇ ગયો.

૨. સીપાઇ—ચાલ ચાલ ! આવી નપુંસકપણાની વાતો ન કર, જો ખરેખર તું તેનો ઘાયલ અને આશક બન્યો હોય તો હીમ્મત કર આપણે બન્ને જણા મળીને તેને પકડી લઇએ પછી ઉતારા પર તારી મરજીમાં આવે તેમ કરજે પણ અત્યારે આવી વાતો ન કર.

૧. સીપાઇ—પણ મને તો તેની મુખ મુદ્રાપરથી વર્તાય છે કે તે કાંઇ બોલ્યા ચાલ્યા વિણ આપણા કબજામાં આવી જાય તેવી નથી, તેણી જરૂર પોતાનું પતિવ્રતપણું સાચવવા માટે પોતાનો જીવ પણ આપવા તૈયાર થઇ જશે.

૨. સીપાઇ—ત્યારે આપણે નરમાશથી કામ કાઢીએ તો કેમ ?

૧. સીપાઇ—હા ! નરમાશથી કામ કાઢીશું તો હાથમાં આવી જશે નહિંતો જોરજુલમ કરીશું તો પ્રાણ કાઢતાં વાર નહિ લગાડે.

આવી રીતે બન્ને સીપાઇઓએ વિચાર કરી તે યુવતીની જરા પાસે ગયા અને તેમાંના એક જણાએ નરમાશથી કહ્યું.

૧. સીપાઇ—સુંદરી ! મને તમારા ઉપર તથા તમારા યૌવન ઉપર અફસોસ દયા આવે છે કેમકે અમે તો અત્યારે તમારા હુકમને માન આપી ચાલ્યા જઇશું પણ અમારામાંના બીજા કેટલાક અજાન સીપાઇઓ આવી તમોને પજવશે.

પહેલા સીપાઇએ યુવતીને વાતમાં લગાડી અને બીજા સીપાઇએ તેને વાતોમાં લિન થએલી જોઇ પાછળથી આવી કમરમાંથી પકડી લીધી યુવતીએ તરતજ કટારી ઉગામી અને પોતાની છાતીમાં ભોંકવાની તૈયારીમાં હતી કે પહેલા સીપાઇએ તેણીનો કટારીવાળો નાજુક હાથ પકડી લીધો. પોતાના પવિત્ર શરીર અને હાથને અપવિત્ર સીપાઇઓનો હાથ લાગેલો જોઈ તેણી ઘણીજ ગભરાઇ ગઇ અને " હાય કોઇ બચાવો " ની બુમ પાડી બેહોશ થઇ ગઇ યુવતીને બેહોશ થએલી જોઇ હજુ તો સીપાઇઓ તેના ચંદ્ર સમાન મુખડાને નીહાળતા ઉભાજ હતા કે એટલામાં એક હીંદુસ્તાની યુવક હાથમાં તલવાર લઇને આવી પહોંચ્યો, અને ઇરાની સીપાઇઓના તરફ ક્રોધની નજરે જોઇ કહેવા લાગ્યો.

યુવાન—કેમ હજુ સુધી નાદિરશાહી જુલમનો અન્ત આવ્યો નથી ?

સીપાઇઓ—શું હજુ સુધી મેહમાનોની કતલ બંધ થઇ નથી ?

આ સાંભળતાંજ યુવાનની આંખો લાલચોળ થઇ ગઇ અને તલવારને કબજામાંથી બરોબર મજબુત પકડી બોલ્યો.

જુવાન—અફસોસ! મોહમ્મદશાહ રંગીલાના એશ આરામના સબબે હીંદી સીપાઇઓ બીજાઓ કરતાં વધારે નરમ બની ગયા છે નહિંતો આજે હીંદીઓ તરફની મહેમાનદારીનો સ્વાદ નાદિરશાહી ફોજને સારી રીતે ચખાડવામાં આવતે.

સીપાઇઓ—તમારી મહેમાનદારી જોઇ લીધી, પોતાના ઘરમાં કયાંથી મેહમાન બોલાવી અમારા બહાદુર ઇરાની સીપાઇઓની કતલ ચલાવી.

જુવાન—આ નિર્દય કામ તો કોઇ કુસ્થા હરગાની ટોળીનું છે જેણે આવી બુમ ઉડાવી કતલ શરૂ કરી નહિંતો અમારી વફાદાર શમશીરોએ તો લાંબા કાળથી મ્યાન બહાર નીકળવું જ મુકી દીધું છે.

સીપાઇઓ—ઠીક, હાલ આ વાત જવા દો, પ્રથમ એ કહો કે અત્યારે આપ કેમ પધાર્યા છો?

જુવાન—આ લાચાર નિરાધાર અબળાની બુમ સાંભળી સ્હાય માટે.

સીપાઇઓ—શું આપ સ્હાય માટે પધાર્યા છો?

જુવાન—જી હા!

સીપાઇઓ—(જરા હસીને) શું સાચેં સાચું?

જુવાન—તો શું તમે જુઠ માનો છો? જો કદાચ તમારી કમનસીબીએ તમે જુઠ માનતા હોવતો આવી જાઓ મેદાનમાં!

આ સાંભળી બંને ઇરાની સીપાઇઓ તલવારો લઇ આવેલા બહાદુર યુવાન ઉપર ધસી પડયા યુવાને ઘણીજ બાહોશી અને બહાદુરીથી ઇરાનીઓના વારને ખાલી જવા દીધો, અને પછી પોતે ખરા શૂરવીરપણાથી લડવા લાગ્યો.

પેલી યુવતી બેહોશ થઇને પડી હતી તે અત્યારે હોશમાં આવી અને એક બહાદુર યુવાનને ઇરાની સીપાઇઓ સાથે લડતો જોઇ સમજી ગઇ કે અવશ્ય આ યુવાન મારી બુમ સાંભળીને સ્હાય કરવા આવ્યો છે તેથી તેણી ઘુંટણીએ પડી પાક પરવરની પાસે દોઆ માગવા લાગી કેઃ—

હે ! નિરાધારોના આધાર ! લાચારોની વ્હારે ચઢનાર ! અને હે ! ગરીબોની સ્હાય કરનાર પાકપરવરદિગાર ! બન્ને જહાનનાં પેદા કરનાર પિતા ! મારા જેવી એક લાચાર નિરાધાર અબળાની બુમ સાંભળી સ્હાય કરવા આવેલા આ બહાદુર યુવાનનો વિજય કર અને તેના દુશમનો પરાજય......

હજુ યુવતીએ પોતાની દોઆ સમાપ્ત નહોતી કરી કે પરમ કૃપાળુ પરવરની સ્હાયતાથી બહાદુર યુવાને બન્ને સીપાઇઓને એકજ તલવારના વારથી પેલી જહાંનમાં પોંહચાડી દીધા. જ્યારે યુવતીએ યુવાનને વિજય પામેલો જોયો ત્યારે તેના મુખમાંથી નીકળ્યું કે હે! નિરાધારોના આધાર ! તારી કુદરત ન્યારી છે, તારી કળાઓ ગુજબ જાણે છે, તારા જેટલા વખાણ કરૂં તેટલાં થોડાં છે. આટલું બોલી યુવતી ઘુંટણ મંડીએ પડેલી હતી તે ઉભી થઇ અને જેવું યુવાનના મુખ સામે જોયું તેવુંજ તેના મનમાં અજબ રીતનો ફેરફાર થઇ

ગયો. મોઢાં પર ફીકાશ વળી ગઇ, દીલ ધડકવા લાગ્યું, અને શરીરમાં ધ્રુજારી છુટી, માથાપર પરસેવો વળી આવ્યો, શરમ અને લજ્જાએ તેની આંખોને નીચી કરી દીધી પગથી ભોંય કોતરતાં મનમાં વિચાર કરવા લાગી કે અહા ! કેવો બહાદુર ? કેવો શુરવિર! (યુવાનને પોતાની તરફ આવતો જોઇ) શું તે મારી તરફ આવે છે? હા ! હા ! ત્યારે શું હું તેનાથી વાત કરૂં ? ના ! ના ! પારકા પુરૂષની સાથે પડદામાં રહેનારી એક બાળા કેવી રીતે વાત કરી શકે? પણ નહિં. તેતો મારો રક્ષણ કર્તા તથા જીવ જોખમે મારા પડદાને બચાવનાર છે અરે ! તે તો મારીજ પાસે આવે છે ? હા ! હા ! તેતો આવ્યો, શું કરૂં ? વાત કરૂં ? ઉપકાર માનું ? મુખથી બોલું ? કે હાથના અણુસારાથી આભાર માની કોટડીમાં સંતાઇ જાઉં ? યુવતી પોતાના વિચારોના તુરંગોમાં અહિં સધી પોહચી હતી કે બહાદુર યુવાન તેની પાસે આવી પહોંચ્યો અને ઘણીજ નરમાશથી ધડકતા દીલે બોલ્યો.

યુવાન—બાળા ! શું તમારા ઘરના માણસો તમને એકલા મુકી નહાસી ગયા ?

યુવતી—(શરમથી નીચુ મુખ કરીને) જી હા ! નાદિરશાહી ફોજની બીકથી કોણ જાણે ક્યાં ચાલ્યા ગયા.

યુવાન—સુંદરી ! તમારા પિતાનું નામ ?

યુવતી—(જરા અચકાઇને) નવાબ ફરૂહુદૌલા.

યુવક—શું તમે નવાબ ફરૂહુદૌલા બહાદરની પુત્રી છો ?

યુવતી—જી હા !

યુવાન—અફસોસ ! નવાબ સાહેબનું મન તમોને એકલા મુકી ચાલ્યા જવાનું કેમ થયું ?

યુવતી—તેઓ મને મુકી નથી ગયા પણ હું મારી મેળેજ રહી છું, કેમકે રસ્તાગાં કે બજારમાં નાદિરશાહી ફોજથી બેઆબરૂ થવા કરતાં હું અહિં એક ખુણામાં પડી રહેવું હજાર દરજ્જે વધારે બહેતર સમજતી હોવાથી અહિં એકલી રહી છું.

યુવાન—હવે નાદિરશાહી ફોજનો પહેલા જેવો જુલમ રહ્યો નથી કેમકે નવાબ આસુફજાહ બહાદુરે નાદિરશાહની પાસે જઇ પોતાની થએલી ભુલ માટે માફી માંગી છે.

યુવતી—(આ પહેલીજ વખતે યુવતીએ યુવાનના મુખ સામે જોયું) પણ આવી કતલ ચાલવાનું કારણ ?

યુવાન—કતલ ચાલવાનું મુળ કારણ તો બીજું કાંઇજ નહિ પણ જ્યારે આપણા બાદશાહ મોહમ્મદશાહ રંગીલા નાદિરશાહને મેહમાન બનાવી દીલ્લીમાં લાવ્યા ત્યારે તેઓ માટે મોહટું જમણ કર્યું. જમણના દીવસે કોઇ લુચ્ચા લફંગા કે બદમાશની ટોળીએ બુમ ઉડાવી કે "નાદિરશાહને મારી નાંખ્યો" આ સાંભળતાંજ ઇરાની સીપાઇઓ ઉશ્કેરાઇ ગયા અને તલવારો મ્યાનમાંથી કાઢી દીલ્લીવાનોની કતલ ચલાવવા લાગ્યા. જ્યારે આ વાતની નાદિરશાહને ખબર પડી ત્યારે તે બહુજ ગુસ્સે થયો અને પોતાના ઉતારા ઉપરથી જુમ્મા મસજીદમાં આવ્યો અને તલવારને મ્યાનમાંથી કાઢી સઘળી

ફોજને કતલે આમનો હુકમ આપ્યો, કતલે આમનો હુકમ મળતાંજ સઘળા દરાનીઓ તુટી પડયા. થોડીજ વારમાં આખા શહેરમાં હાહાકાર વરતાઇ ગયો. આ હાલત જોઇ નવાબ આસુરજાહ બહાદુર નાદિરશાહની પાસે દોડયા અને પોતાની પાઘડી તેના પગ પર મુકી આજીજીની સાથે આંસુઓ કાઢી માફી માંગી કતલ બંધ કરવાનો હુકમ આપવા વિનંતિ કરી. નાદિરશાહે એક ઘરડાને આવી રીતે બોલતો અને આજીજી કરતો જોઇ કતલ બંધ કરવાનો હુકમ આપ્યો. અને પોતે હમણાજ મસજીદમાંથી ઉઠી પોતાના ઉતારા પર ગયો.

યુવતી—આ બનાવ તો બહુજ ભયંકર બન્યો છે ખુદા ફરી ન દેખાડે.

જુવાન—ભયંકર તે કેવો ભયંકર જે ઇતીહાસોમાં લાખો વરસ સુધી રહેશે.

યુવતી—હું આપનો ઉપકાર માનવો તો ભુલીજ ગઇ.

જુવાન—એમાં ઉપકાર માનવા જેવું કાંઇ છેજ નહિ એ તો મારા મોહટા નસીબ કે તમારા જેવી બાળાની સ્હાય કરવાની તક મળી.

આ સાંભળી યુવતીએ પોતાની આંખો શરમથી નીચી કરી લીધી અને જુવાનના શુરવિરપણાની મનમાંજ પ્રશંસા કરવા લાગી. જુવાન દશ પંદર મીનીટ સુધી યુવતીના સુંદર ચેહરાને નિહાળી મનમાં નિશાસ નાંખી સ્વાગત બોલ્યો.

જુવાન—સુંદરી હવે રજા છે ?

યુવતી—આપને મારા માટે બહુજ દુઃખ વેઠવું પડ્યું ?

જુવાન—નહિ કાંઇ નહિ, આપ આવું ન બોલો.

યુવતી—આપનો આભાર તો મરતાં સુધી ભુલાય તેવો નથી.

જુવાન—મને નાહક ગુનેહગાર ન બનાવો.

યુવતી—હાયે કરીને બનવાની કોશીશ............... આટલું બોલી શરમના લીધે અટકી ગઇ.

યુવક—ત્યારે ફરી દર્શન.......................................

યુવતીએ શરમથી થોડીવાર સુધી મુખ નીચું રાખ્યું અને ફરી જુવાનની તરફ જોઇ કહ્યું "ઇનશાઅલ્લાહ" આ સાંભળી યુવાન એક ઝીણી હાય ખેંચી તલવારને મ્યાન કરી સુંદરીના મુખને નિહાળતો ઉભો રહ્યો.

પ્રકરણ બીજું.

યુવતીને મળવા યુવક, રાતે બાગમાં જાય,
જોઇને કાઝી કીલમહીં, જખ્મ ખાઈને થાય

નાદિરશાહ દીલ્હીથી ગયો તેને લગભગ એક મહિનો થવા આવ્યો જે બિચારા નિર્દોષ દીલ્હીવાશીઓનું લોહી શહેરની સડકો ઉપર રેડાયું હતું તે પણ સુકાવા લાગ્યું જખમી થયેલા માનવીઓના જખ્મ મલમપટાના ઇલાજથી રૂઝાવા લાગ્યાં પણ જે ભારે જખ્મો અબળાઓના જીગરમાં પોતાના પ્યારા ખાવીન્દો, દીકરાઓ, અને પુત્રોના કતલ થવાના લાગ્યા હતા તે હજુ સુધી રૂઝાવા પામ્યા નહોતા જે દીલ્હીવાશીઓ પોતાના ઘરના બૈરાંઓ અને છોકરાઓને "હમણા બહાર જઇને આવીએ છીએ." એમ કહીને ગયા હતા તે પાછા મરણ પથારીએ પડેલા આવ્યા કે સદાને માટે બૈરા છોકરાને મુકી માટીમાં મળી ગયા. તેમની પાછળ રહેલા કુટુંબનો છાતી ફાડનારો વિલાપ ઓછો નહોતો થયો અને જે બાળાઓના લગ્નને થોડાજ દીવસ વીત્યા હતા તેમના પતીઓના કતલ થવાથી તેણીઓ જે રૂદન કરતી હતી તેમાં લગારે ફેર નહોતો પડ્યો. જે ઘરડી અને કમરમાંથી વાંકી વળી ગયેલી ડોશીનો એકનો એક પુત્ર કે જે "આંધળાની આંખડીને લાકડી"ના પેઠે હતો તેના કતલ થવાથી એ ડોશીનીજીદ અવર થા

રડવું અંશમાત્ર પણ ઓછું થયું નહોતું. દીલ્હીની સુનસાન અંધેરાત્રીના સમયે જખમી જીગરમાંથી નીકળેલા હાયના ભણકારા અને રૂદનના સમયે આંખોથી નીકળતી અશ્રુની ધારા સાંભળનાર અને જોનારના જીગરમાં જબરો જખ્મ લગાવતી હતી.

*આનંદના દીવસો હોય કે રંજના, ખુશીના દહાડા હોય કે ગમના, હર્ષના દીવસો હોય કે શોકના કોઈ કાળે પણ સરખા રહી શકતાજ નથી જેમ આનંદ, ખુશી અને હર્ષના દીવસો વીતે છે અને સમો બદલાય છે તેમ રંજ, ગમ અને શોકના દીવસો પણ રહેવા પામતા નથી. હર્ષની પછવાડે શોક અને શોકની પછવાડે હર્ષ, એ જમાનાનો નિયમ હોવાથી દરેક પોતાનો અમલ બેસાડે છે. માનવી માત્રને હર્ષ પ્રાપ્ત થાય છે તેની સાથેજ શોકનો સ્વાદ પણ મળ્યા વિના રહેતોજ નથી તેવીજ રીતે એક વખતની આનંદી દીલ્હી આજે ભારે રંજમાં ગરકાવ બની રહી છે, પણ રંજના લીધે કાંઈ જગતનો કારોબાર અટકી પડે એમ ન હોવાથી પેહલાના જેવી રેલછેલ શરૂ થઇ ગઈ છે માત્ર ફેર આટલોજ છે કે પ્રથમ દરેક માણસના ચેહરા દીલ ખુશ હોવાના સબબે ખુશનુમા લાગતા હતા પણ અત્યારે જે માણસના ચેહરા ઉપર નજર પડે છે તેમાં થોડોક અંશ શોકનો ભેળવાયલો જણાય છે તો પણ હર્ષ, શોકના સબબે દુન્યાનો ચક્ર રસ્તો બંધ ન પડતાં પ્રથમની પેઠેજ પોતાની નોકરી બજાવે છે.

અમે ઉપર કહી ગયા તેમ નાદિરશાહની ફોજને દીલ્હીથી ગયાને એક માસ વીતી ગયેલો હોવાથી દીલ્હીની સડકો પર આગળ જેવી નહિ પણ તેથી જરા ફીકી ગરબડ શરૂ થઇ ગઈ છે રાતની વખતે ચાંદની રાતની બહાર લુંટવા નીકળતા સેહલાણીઓની સંખ્યા જો કે

બેહલા જેવી નથી તો પણ કેટલાક સેલાનીઓ શોકને દૂર કરવા આજે ચાંદની ચોક તરફ લટાર મારવા ઉતરી પડ્યા છે, રાતના નવ વાગ્યાનો અમલ થએલો હોવાથી પાનબીડી અને ફુલવાળાની દુકાનો ઉપર ઉપર ઉભરેલીજ જણાય છે, કોઇ પાન ખાતો ઉભો રહ્યો છે તો કોઇ ફુલના હાર પહેરવા માટે ગજવામાંથી પૈસા કાઢે છે, કોઇ વિચારમાં લીન બની જલદી મિત્રોથી જુદા પડવાની કોશીશ કરે છે, તો કોઇ સામેના બંગલાઓ ઉપર પૈસાપર કુરબાન થનારી કુલટાઓ કે જેણીઓ ચહેરામાં તો અપસરાને ભાન ભુલાવે તેવી જણાય છે પણ બાતેનમાં આદરેલા ધંધાના સબબે ડાકણોને શરમાવી દે એવી છે તેઓના ચહેરાઓને જોઇ તેઓના કટાક્ષ બાણ તરફ નજર ખીલાવી ઉભો રહ્યો છે. કોઇ ગાનતાનપર કુરબાન બની એક પાનના બીડાપર શાન અને ભાન ગુમાવી શયતાન બનવાની તૈયારીમાં છે તો કોઇ મસજીદમાં નમાજની બાંગ સાંભળી "અલ્લેક" ની સદા પોકારતો પ્યારા પરવરની પ્રાર્થના માટે ઉતાવળા પગે દોડે છે. એવામાં એક માણસ બહુજ સપાટાબંધ ચાંદની ચોકનો રસ્તો વટાવી પાસેની ગલીમાં થઇને અમીરોના મહેલોની પાસે આવેલા બગીચાની દીવાલ પાસે આવી ઉભો રહ્યો. ચાંદનીના અજવાળામાં તેનો જણાયું કે તે તો આપણી વાર્તાનો નાયક, અને નાદિરશાહી કતલના દીવસે યુવતીને ઇરાની સીપાઇઓના પંજામાંથી મુક્ત કરાવનાર જુવાન છે, તે થોડીવાર સુધી દીવાલ પાસે થોભ્યો અને પછી દીવાલને પકડી ઉપર ચઢી જઇ બગીચામાં કુદ્યો. બગીચામાં આવી લીંબુના ઝાડોની ઘટામાં મુકેલા એક બેંચ ઉપર બેઠો અને પોતાના બંને હાથોને પકડી દાઢી નમાવી થોડીવાર ગુજરી હશે કે બગીચાની

સામેના મહેલનો દરવાજો ઉઘડ્યો અને તેમાંથી તેજ યુવતી નીકળી કે જેણીને આપણા યુવાને ઇરાની સીપાઇઓના સપાટામાંથી છોડાવી હતી. યુવતીએ મહેલનો દરવાજો ધીમેથી બંધ કર્યો અને ફરી બગીચામાં ચારે બાજુએ નજર નાંખતાં જ્યાં યુવાન બેઠો હતો ત્યાં આવી. યુવતીને પોતાની તરફ આવતી જોઇ યુવાન ઉભો થયો અને જ્યારે તેણી તેનાથી થોડેક દુર આવી પહોંચી ત્યારે આવકાર આપતાં કહ્યું.

યુવાન—જો કે મારો જીવ આપના દર્શનનો આતુર બની રહ્યો હતો. પણ પીતાશ્રીના કામનાં લીધે આવવામાં વાર થઇ તે માટે માફીનો ઉમેદવાર છું.

યુવતી—(લજ્જાના લીધે નીચી નજરે) હું એકાદ વખત આંટો ખાઇ ગઇ હતી પણ આપને ન પધારેલા જોયા તેથી નિરાશ થઇ પાછી ફરી હતી. આપના પીતાશ્રીના કામ સબબે વાર થઇ તેમાં માફ માંગવાની કાંઇ જરૂર નથી.

યુવાન—(પોતાની સામેના બેંચ પર બેસવાનો ઇસારો કરતાં) બાળા ! અહિં બેસો અને મારા કરમની કહાણી સાંભળો. મેં જ્યારથી આપના મનહર મુખડાના દર્શન કર્યાં છે ત્યારથી ઉંઘ, ભુખ; અને આરામ એક પળ માટે પણ મારી પાસે આવવા પામ્યા નથી. હરરોજ રાત દીવસ આપની સુંદર છબી મારા ચક્ષુઓ આગળ રહે છે અને હૃદયના અંદર વસે છે.

યુવતી—(યુવાનની સામેની બેંચપર બેસીને) અને મારી સ્થીતિ પણ.....(શરમના માર્યે વધુ ન કહેતાં ચુપ થઇ ગઇ.)

યુવાન—સુંદરી ! શું આપણે બન્ને એક નહિ થઇ શકીએ ? (યુવતીએ કાંઇ જવાબ ન આપ્યો.)

યુવાન—આગ્રા ! શું હું હમેશ આપનો વિયોગ, દુઃખ ઉઠાવતો રહીશ ?

યુવતી—ખુદા ન કરે !

યુવાન—આમીન !

યુવતી—આપનું નામ અને ઠેકાણું મને અત્યાર સુધી જણાવ્યું નથી માટે હરકત ન હોય તો કૃપા કરી જણાવશો. કોઇ દીવસે કદાચ મારા પિતાશ્રી આપનો ઉપકાર માનવા માટે બોલાવવા ઇચ્છે તે વખતે તેમને હું કહી શકું, અને આપની તબીયત માટે હું પણ કોઇ દીવસ પત્ર મોકલી ખબર મંગાવી શકું, અથવા મારી ખબર મોકલી શકું.

યુવાન—મારૂં નામ જહાંઙ્ગીર અને ઠેકાણું કાશ્મીરી દરવાજાની પાસે.

યુવતી—(કેવું પ્યારૂં નામ છે એમ મનમાં વિચાર કરતી) પીતાશ્રીનું નામ ?

જહાંઙ્ગીર—નવાબ અનીસુલમુલ્ક.

આ સાંભળી યુવતીએ એક ઝીણી હાય ભરી અને જહાંઙ્ગીરના ચેહરાપર નિરાશાની નજર નાખતાં કહ્યું.

યુવતી—પરવરદિગાર ! વિયોગ સાગરથી પાર ઉતારી જીવ સાર લાવે.

જહાંકદર—આમીન !

તે પછી જહાંકદરે યુવતીના હાથને પોતના હાથમાં પકડી, પોતાની બેંચ પર બેસવાનું કહી યુવતીને પુછ્યું

જહાંકદર—બાળા ! આપના મુબારક નામથી હું અત્યાર સુધી અજાણ્યો રહયો છું માટે કૃપા કરી ફરમાવો.

યુવતી—(જહાંકદરની બેંચપર તેનાથી થોડી દુર બેસીને) મારૂં નામ આલમઆરા !

જહાંકદર—અહા ! કેવું સુંદર મનહર, અને મીઠું નામ છે સુંદરી આલમઆરા જુઓ ! અને સાંભળો, મારા અને તમારા વચમાં જે પવિત્ર પ્રેમની ગાંઠ જોડાઇ છે તેની પવિત્રતા માટે આપણે બન્નેએ તે પરવરદિગારને વચમાં રાખવો જોઇએ, કે જેણે આપણા મનમાં પવિત્ર પ્રેમનો અંકુર વાવ્યો છે. આપણે જયાં સુધી મળીએ ત્યાં સુધી સાચા અને પ્રેમના મનથી મળીએ. જો આપણે સાચા અને ખરા પવિત્ર પ્રેમી હોઇશું તો અવશ્ય તે પાક પરવરદિગાર આપણી ભવિષ્યની સઘળી વાંચ્છનાઓ પુર્ણ કરશે.

આલમઆરા—સત્ય છે, આપનું કહેવું બાજબી છે. મારી પણ અંતઃકરણપુર્વક એજ ઇચ્છા છે.

જહાંકદર—ચારે પ્રીય આલમઆરા ઉભાં થાઓ ! અત્યારે આપણે બન્ને જણા મળીને શુદ્ધ અંતઃકરણથી તે પરવરની પાસે યાચના કરીએ છીએ કે જે આપણી સઘળી વાંચ્છનાઓ પરીપુર્ણ કરવા શક્તિ ધરાવે છે.

આ સાંભળી આલમઆરા ઉઠી, જહાંકદર પણ ઉઠયો. અને બન્ને જણા ઝાડોની ઘટામાંથી બહાર આવી ગુલાબના ઝાડની શાખેની જગ્યામાં ઘુંટણ મંડીએ પડ્યા. અને આકાશ તરફ મુખ કરી કહેવા લાગ્યાં.

હે ! આકાશ અને પૃથ્વીને પેદા કરનાર પિતા ! હે ! સર્વ જગત ઉપર રાજ્ય ચલાવનાર જગનીયંતા ! હે ! નિરાશ થએલા-ઓની આશા પુર્ણ કરનાર જગદીશ ! હે ! બન્ને જહાંનના ખળવંતા બાપ ! અમોને તેંજ જગતમાં જન્મ આપીને મોકલ્યાં છે, અમોએ તેંજ અત્યાર સુધી સુખમાં ઉછેર્યા છે. અમોને તેંજ એક બીજાને ચાહતાં શીખવાડયાં છે, અમોને તેંજ એક બીજાના પ્રેમી બનવાનું સુચવ્યું છે, અમોએ અત્યાર સુધી તારી પાસે જે જે વસ્તુની ઇચ્છા કરી તે સરવે તેં અમને આપી છે, અમોએ જે માગ્યું તે બધું તેં બક્ષીસ કર્યું છે, અમોને તેં અત્યાર સુધી કોઇના મોહતાજ બનાવ્યા નથી, અમો જે કહેતાં ગયાં તે સઘળું તેં અર્પણ કર્યું છે. અમે તારા જેટલા આભાર ઉપકાર, અને એહસાન માનીએ તેટલા થોડા છે. અમારી જીભમાં એટલી શક્તિ નથી કે તારી મોટાઇ અને વડાઇનું વર્ણન કરી આભાર માનીએ હે હાજર અને સર્વવ્યાપક પિતા ! અત્યારે અમે બન્ને પ્રેમીઓ પોતાના પ્રેમમાં પવિત્ર રહેવા માટે તારી સ્હાય માગીએ છીએ. આશા છે કે પવિત્ર ધર્મનો જ્યાં સુધી અમને એક બીજાની જીંદગીને ભાગીદાર બનવાનો ફરમાન મળે નહિં ત્યાં સુધી અમે શુદ્ધ અંતઃકરણથી મળીએ તેમાં કોઇ પણ જાતની ભુલ અમો અલ્પ મતીવાળા તરફથી થાય નહિ એવી બુધ્ધી તું અર્પણ કરીશ હે ! સહાયકારી બાપ ! અમે અમારી

વિનંતી પુરી કરતાં પહેલાં ફરી એકવાર પ્રેમ સાગરમાંથી સહીસલામત પવિત્ર રીતે પાર ઉતરવા માટે તારી સ્હાય માગીએ છીએ, તે તું પરીપુર્ણ કર.

આકાશમાં ચમકી રહેલો ચંદ્ર જે ઘણીવારથી પોતાનો ઠન્ડો પ્રકાશ આ બન્ને પ્રેમીઓ પર નાંખી રહયો હતો અને આકાશમાં વીખરાયલા તારાઓ ઝમક ઝમક થઇને આ બન્ને સાચા પ્રેમીઓને નિહાળી રહયા હતા, તથા બગીચાના સઘળા ઉંઘમાં પડેલા ઝાડો જેઓ આ બન્ને પ્રેમીઓની શુદ્ધ અને સાચી પ્રેમ લાગણી જોઇ રહયાં હતાં તે સઘળાંઓએ યાચના પુરી થવા ઉપર "આમીન" "આમીન"નો સાદ પોકાર્યો અને મહેલના ઘડીઆળે બારનો ટકોરો વગાડી સાક્ષી પુરી કે અવશ્ય આ બન્ને સાચા પ્રેમી આગળ ઉપર એક બીજાની જીંદગીના ભાગીદાર બનશે.

યાચના કરી રહયા પછી બન્ને પ્રેમીઓ બેંચપર આવીને બેઠાં પણ સાથે ઘડીઆળમાં બારના ટકોરા સાંભળી જહાંકદર ગભરાયો અને યુવતી પણ જરા અકળાવલી લાગી. જહાંકદરે ઘડીઆળમાં બાર ટકોરા વાગી રહયા પછી કહયું.

જહાંકદર—અહો ! બાર વાગી ગયા ?

આલમઆરા—હા ? જુઓને આજે ઘડીઆળ પણ પોતાની નોકરી બહુજ જલદી બજાવી રહી છે.

જહાંકદર—ત્યારે સુંદરી મને રજા છે ?

આલમઆરા—શું જશો ?

જહાંદાર—આપ રજા આપો તો ! નહિ તો જવાનું હમારે મન થતું નથી.

આલમઆરા—પધારો, લાચારીએ પધારોનો શબ્દ કહેવો પડે છે.

જહાંદાર—ખુદા કરશે તો ખુશી અને આનંદથી પધારો શબ્દ કહેવાનો સમય પણ જરૂર જલદી આવશે.

આલમઆરા—સાચવીને જજો અને ફરી દર્શનનો લાભ આપજો.

જહાંદાર—અવશ્ય, મને આપની જુદાઈમાં હમારે ચેન પડનાર નથી.

આલમઆરા—અને મને પણ............જુઓ સાવચેત રહેજો આપણી વાત ઉઘાડી ન પડે.

જે વખતે આ બન્ને પ્રેમીઓ પ્યારની વાતોમાં લીન બનેલાં હતાં તે વખતે બગીચામાં આ બન્નેની જગ્યાથી થોડે દૂર દાડમના ઝાડોની નીચેથી એક કાળા મુખવાળી સ્ત્રી આ બન્નેની ચર્ચા જોઇ રહી હતી અને જે વાતો આ બન્નેમાં થઇ તે સઘળી તેણીએ સાંભળી હતી. આ કાળા અને બીહામણા મુખવાળી સ્ત્રી કોણ છે તેની ઓળખાણ વાંચક વર્ગને કરાવી જોઇએ. આ સ્ત્રી ફરરૂખદૌલા (આલમઆરાના પિતા) ને ત્યાં ન્હાનપણથી બુંદીઓ-દાસીઓમાં રહે છે તેણી ન્હાનપણથીજ ઘણી ચાલાક, લુચ્ચી, ફરેબી, અને

બેઇમાન હોવાથી નાહની ઉમર થતાંજ આલમઆરાની ભોળી મા અઝમતખાનમની માનીતી દાસી થઇ પડી આજકાલ અઝમતખાનમ ઉપર જેટલો કાબુ આ લુચ્ચી અને ફરેબી સ્ત્રી ઇમામનનો છે તેટલો બીજા કોઇનો નથી. બેગમસાહેબ પણ ઇમામનને એટલી ગણી ચાહે છે કે તે જે કાંઇ કહે અથવા કરે તે બેગમસાહેબને કબુલ અને મંજુર. જ્યારે આ ઇમામનને બેગમસાહેબને પોતાના કાબુમાં બરાબર રીતે આવી ગએલા જોયા ત્યારે તેણીએ નવાબસાહેબ (આલમઆરાના પિતા) પર પોતાનો કાબુ મેળવવા પ્રયત્ન કર્યો પણ તેમાં ફતેહમંદ થઇ નહિ, તેથી તેણીએ આલમઆરાને પોતાના દાવમાં લેવાની યુક્તિ કરી પણ આલમઆરા નિચ દાસીના દાવને જાણી ગએલી હોવાથી ઇમામનને ખુબ ધમકાવી તથા પિતાને કહી કાઢી મુકવાની બીક બતાવી જેથી ઇમામન આલમઆરા ઉપર બળવા લાગી દર વખતે ભોળી બેગમસાહેબ આગળ દીકરીનું બુરાઇઓનું વર્ણન કરતી હતી તેથી બેગમસાહેબ પુત્રી પર ચીડાઇ ગયાં તે એટલે સુધી કે આલમઆરાને કદી પ્યારથી બોલાવતાં કે પાસે બેસાડતાં પણ નહિ; મા દીકરીમાં આટલી જુદાઇ થઇ છતાં નિચ દાસી ધરાઇ નહિ અને દર વખતે આલમઆરાનું કાસળ કેમ કાઢવું જોઇએ એજ વિચારમાં લિન રહેતી હતી.

જે વખતે બગીચામાંથી સીટીનો સાદ સંભળાયો તે વખતે નિચ દાસી ઇમામન મહેલના દરવાજા પાસેજ ઉભી હતી. સીટીનો સાદ સાંભળતાંજ તે બગીચામાં આવી અને તે પછી જહાંકદરમાં જે જે વાતચીત થઇ તે દાડમના ઝાડોની વચમાં ઉભી રહીને સાંભળતી હતી.

બાર વાગી જવાથી જહાંકદરે આલમઆરાની રજા માગી અને ઉઠયો, આલમઆરાનો સુંદર હાથ પોતાના હાથમાં લઇ પોતાના હાથમાં પહેરેલી હીરાની વીંટી તેની નાજુક આંગળીમાં પોતાના હાથે પેહરાવી દીધી, આ જોઇ આલમઆરાએ પોતાની માણેકની આંગુઠી જહાંકદરની આંગળીમાં પેહરાવી. આવી રીતે અંગુઠીઓ અદલ બદલ કરી બન્ને પ્રેમીઓ વિખુટાં પડયાં જહાંકદરે છેલ્લી પ્રેમભરી નજર આલમઆરાના ચંદર સમાન મુખપર નાંખી અને દીલાસ ફુદાવી બગીચાની બહાર ગયો. બન્ને પ્રેમીઓને એક બીજાથી જુદા થતા જોઇ ચંદ્રમાંને પણ સારૂં લાગ્યું નહિ તેથી તેઓએ પોતાનું મુખ કાળી વાદળીમાં સંતાડી લીધું. જહાંકદરના જવા પછી આલમઆરા પણ નિશ્વાસ નાંખી મહેલમાં ગઇ અને પોતાની ઓરડીમાં જઇ પલંગપર પડી. આલમઆરા અને જહાંકદરના જવા પછી ઝાડોની ઘટામાંથી નિચ ઇમામન નીકળી અને આલમઆરાની ઓરડી તરફ પોતાના દાંત પીસતી મહેલમાં ગઇ.

પ્રકરણ ત્રીજું.

ઊગી ભાળી ભામિની, બોલે મુખથી એજ
બીક હતી જે વાતની, આગળ આવી તેજ

સવારના સાત વાગ્યાનો સમય છે દીલ્લી શહેરના નાકના બજારો ઉઘડી ગયા છે, કોઇ શાક ભાજી ખરીદવા આવ્યો છે, તો કોઇ નદીપર સ્નાન કરી ઘર તરફ પાછો ફરે છે, નાકનાં બાળકો હાથમાં ભણવાની ચોપડીઓનું બંડલ બાંધી કે સલેટ હાથમાં પકડી જલદી જલદી મદ્રેસા તરફ સિધાવતા નજરે પડે છે, કોઈ બાળક મદ્રેસામાં જવા માટે હઠ પકડીને બેઠા છે તો કોઇ ખુશી ખુશી પોતાની માને નાસ્તો આપવાનું કહી ચોપડીઓને સાફ કરી મદ્રેસામાં જવાની તૈયારી કરે છે. કમનસીબ વિધવાઓનું રાત્રી રૂદન સુર્યનારાયણનાં દર્શન થવાથી ઓછું થવા પામ્યું છે. પણ આંખોની નીચે આંસુઓની પડેલી નિશાની જોવાને હજીજ રહેવા પામી છે, ફુવડ સ્ત્રી પોતાના મેંદરીથી ભરેલા કપડાની સાથે બાળકને ગોદમાં લઇ પતિને આશા દેતી ઉભી છે, તો સુઘડનાર પોતાના બાળકોને નાસ્તો કરાવી મદ્રેસામાં વિદાય કરી, પતી શાક ભાજી લેવા ગયો છે. તેની વાટ જોતી ઉભી છે. મદ્રેસામાં મુલ્લાં સાહેબ કે માસ્તર સાહેબ બાળકોની વચમાં ઉભાડા સાથે બેસી છોકરાઓને પાઠ આપી રહ્યા છે અને જે બાળકને આવવામાં વાર

થઇ તેને લાકડીથી ફટકાવી ફરી વાર ન કરવાની શિખામણ આપે છે. યૌવનના પુર બહારમાં મસ્ત બનેલી યુવતી છપરખટ પલંગ પર વાળ છુટા મુકી નિંદ્રાને વશ થઇ હતી તે સવાર પડી જવાની બારતીથી ઝટપટ ઉઠી રજની નિશાથી ચકચુર થએલી આંખોને તથા મુખને ચોળા હાથમાં લોટા લેઇને બેઠી છે. અને રજનીએ રંગાગી સાથે થએલી વાર્તાના ભણકારાનું ભાન કરતી અંદરને અંદર આનંદ માની રહી છે, પોતાની પ્રિયાથી તમામ રજની પ્રેમ વાર્તામાં લિન થએલો પ્રેમી સવાર પડી જવાથી જરાક શોકાતુર થઇને પોતાના મિત્રની પાસે બેસી રાતનો રટન પાટલો કહે છે. કોઇ કમનસીબ પ્રેમી આખી રાત પ્રીયાના મંદીરની આસપાસ ફરવાથી થાકી ગએલો હોવાથી ઉંચુ મસ્તક નાંખી નિરાશાની ઉંઘમાં ખાટલા ઉપર પડ્યો છે.

દીલ્હી શહેરની પશ્ચિમ બાજુએ આવેલા નારદના બજારમાંથી એક ડોસી હાથમાં લાકડી લઇ આજુ બાજુ નજર નાંખતી જાય છે જ્યારે બજાર પુરૂં થયું અને શહેરનો દરવાજો આવ્યો ત્યારે તેણીએ પાસે પેહરા ઉપર ઉભેલા સીપાઇને પુછયું.

ડોસી—નવાબ અનીસુલમુલ્કનો મહેલ કઇ બાજુએ છે ?

સીપાઇ—દરવાજાની બહાર પુર્વ દિશાનો.

ડોસી—બહુ ઉપકાર દીકરા !

આટલું કહી ડોસી લાકડી ટેકતી ટેકતી ઝડપથી દરવાજા બહાર નીકળી, અને પુર્વ દિશા ભણી જઇ મહેલ આગળ આવીને

ઉભી રહી. મહેલની ઉત્તર દિશાના દરવાજા ઉપર દરવાનને ઉભેલો જોતાં તેની પાસે જઈને પુછવા લાગી.

ડોસી—ભાઈ દરવાન! નવાબ જહાંકદર સાહેબ મહેલમાં છે કે?

દરવાન—હા! છે! તમે ક્યાંથી આવ્યાં છો?

ડોસી—તે હું કહી શકતી નથી, જો કદાચ તેઓ મહેલમાં હોય તો કહો કે એક ડોસી આપથી મળવા માંગે છે.

દરવાન—ત્યારે ડોસીમા તમે અહિં બેસો, હું અંદર જઈને વરદી આપી આવું.

ડોસી—ભલે દીકરા!

ડોસી બહારના ઓટલા પર બેઠી અને દરવાન અંદર ગયો, થોડીવારમાં પાછો આવી ડોસીને પોતાની સાથે લઈ મહેલની બાજુએ આવેલી ઓરડીમાં ગયો, જ્યાં જહાંકદર દિલગીરી અને અફસોસમાં પ્રિયાના સુંદર ચહેરાને યાદ કરતો બેઠો હતો. ડોસીએ ઓરડીમાં જઈ પ્રથમ જહાંકદરને આશીર્વાદ આપ્યો. દરવાન ડોસીને અંદર મુકી બહાર ચાલ્યો ગયો, એટલે ડોસીએ પોતાના રૂમાલમાં વિંટેલો કાગળ જહાંકદરના હાથમાં મુક્યો. જહાંકદરે કાગળ ઘણીજ ઝડપથી લઈ વાંચવા માંડયો, કોણ જાણે કાગળમાં એવું તો શું લખ્યું હતું કે કાગળ વાંચતાની સાથેજ જહાંકદરનો ચહેરો ફીકો પડતો ગયો, તેના ચેહેરાપર ઉદાસીના ચિન્હો પ્રગટી નીકળ્યાં જેટલા હર્ષ અને આનંદની સાથે કાગળ વાંચવો શરૂ કર્યો હતો, તેવા ડબલ શોક અને દીલગીરીની સાથે કાગળને પુરો કર્યો અને પછી ડોસીના સામેઘણીજ આજીજીની નજર નાંખી બોલ્યો.

જહાંકદર—દહા ! મને આશા છે તમે નહીં ભુલી જાઓ. મારા માટે નહિ પણ તમારી પ્યારી બાળકોની ખાતર મને નહિ વીસારો.

દહા—જહાંકદર ! એવું ન બોલો, હું તો તમારી પણ દાસી છું જે હુકમ ફરમાવો તે બજાવી લાવવા તૈયાર છું.

જહાંકદર—એ તમારી લાયકી છે અત્યારે તો હું આ કાગળનો જવાબ આપવા જેટલી શક્તિ મારામાં જોતો નથી માટે કાલે આજ વખતે આવો તો હું જરૂર જવાબ લખી આપીશ.

આ તરફ જહાંકદર પોતાની પ્રીયા તરફથી આવેલા પત્રને વાંચી રહ્યો છે અને પેલી તરફ એક કલાક અગાઉ આલમઆરાની મા અઝમતખાનમને નિચ દાસી ઇમાગને રાતનો બનાવ પોતાની તરફથી વધારા સુધારા સાથે કહી પુરેપુરી બેવકુફ બનાવી. નિચ દાસીના ભરમાવ્યાથી અઝમતખાનમે તરતજ પોતાની દીકરીને પોતાની પાસે બોલાવી અને કહ્યું.

અઝમતખાનમ—આલમઆરા ! તેં તો જવાન થઇ બધા કુટુંબનું નાક કપાવી નાખ્યું. હાય ! હાય ! તેતો ગજબજ કરવા માંડયો હું તો તને એટલી બધી છકેલ છોકરી નહોતી સમજતી તેં તારા બાપદાદાની આબરૂ ઉપર પણ કાંઇ વિચાર કર્યો નહિ; ખાનદાનની દીકરીથી પારકા માણસ સાથે વાતજ કેમ કરી શકાય ? હાય ! તારી આંખોમાંથી શરમ ક્યાં ચાલી ગઇ. પોતાના બાગમાં રાતની વખતે પારકા પુરૂષ સાથે વાત કરતાં તારી જાતીજ કેમ ચાલી આબરૂદારની છોકરી થઇને આ શું કરવા માંડ્યું છે.

આ સાંભળતાંજ આલમઆરાનો ચેહરો ગુસ્સાથી લાલચોળ થઇ ગયો. એમ તો તે પોતાની માના મુખથી દરરોજ ઇમામનના ભરમાવ્યાથી ગાળો સાંભળતી હતી પણ આજે જ્યારે પોતાની માને હદ બહાર કેહતાં સાંભળી ત્યારે તેનાથી રહેવાયું નહિ તેથી ગુસ્સાના આવેશમાં આવી જવાબ આપ્યો.

આલમઆરા—માજી! કાંઇ વિચાર કરીને કહો, હું ઘણા દીવસથી આપની વાતો સાંભળતી આવી છું કોઇ દીવસ પણ આપની વાતોનો જવાબ આપ્યો નથી પણ હવે તો જ્યારે હદ બહાર નીકળી જઇ તોહમત મુકો છો અને જે વાત દીકરીને ન કહેવી જોઇએ તે કહો છો ત્યારે દીલગીરી સાથે મારે પણ કહેવું પડે છે કે આનો જવાબ તે વખત પુછવો જોઇતો હતો કે જે વખતે આપ મને આ મહેલમાં એકલી નિરાધાર સ્થીતિમાં મુકીને ચાલ્યા ગયા હતા.

અઝમતખાનમ—તને અમે મુકી ગયા હતા કે તું આવી નહોતી?

આલમઆરા—હું કેમ નહોતી આવી?

અઝમતખાનમ—તે તું જાણે.

આલમઆરા—હા! બરાબર તમે તે આથી જાણો જો તમે ન ભુલ્યા હોવ તો હું તમને કહું. સાંભળો? હું તમારા સાથે એટલાજ માટે નહોતી આવી કે દીલ્હીની સડક ઉપર ઇરાની સીપાઇ-

એના હાથે આબરૂના કાંકરા થવાનો સંભવ હતો, તેથી મેં બહાર જવા કરતાં ઘરમાં બેસી રહેવાને વધુ પસંદ કર્યું હતું. ઘરમાં બેસીને પણ મેં દુઃખ ઉઠાવ્યું છે, તમે મને એકલી મુકીને ચાલતા થયા તેજ દીવસે બે ઇશાની સીપાઇઓ મહેલમાં ઘુસી ગયા અને મને બેઆબરૂ કરી પોતાના ઉતારે લઇ જવા ચાહતાં હતાં, પણ એક બહાદુર ગ્રહસ્થની મદદથી મારી તથા ખાનદાનની જતી આબરૂ બચી ગઇ હવે એવા ખાનદાની વીર પુરૂષે મને કટોકટીના સમયે સહાય કરેલી તે શું હું ભુલી જાઉં? તેણે જે મોહટો આભાર મારા પર અને ખાનદાન પર કર્યો છે તે વીસરી જાઉં? નહિ! કેમકે તે ગ્રહસ્થ જો તે વખતે ન આવ્યો હોત તો આજે હું ક્યાં હોત અને મારી કેવી વલે થાત તે પાક પરવરદિગાર જાણે છે.

અઝમતખાનમ—(જરા ધીમેથી) આલમઆરા! મારા સામેથી જા, મારે તારી વાત નથી સાંભળવી. નવાબ સાહેબને આવવા દે પછી તારી વાત છે.

આલમઆરા એવી ઉદ્ધત અને નફટ છોકરી ન હતી કે પોતાની વડીલ માની સામે કાંઇ જવાબ આપે પરંતુ તે ઇમામનની ચાલાકીઓ અને લુચ્ચાઇઓથી માહેતગાર હોવાથી અને પોતાની મા તે લુચ્ચીના ભરમાવ્યા પ્રમાણે ચાલે છે એમ જાણતી હોવાથી આટલી વાત કહેવા તૈયાર થઇ ગઇ, નહિ તો અત્યાર લગી તેણીએ એક શબ્દ વટીક પણ પોતાની માને કહયો ન હતો. લુચ્ચી ઇમામનને પોતાની ચાલાકીઓથી ભોળી બેગમને પુરેપુરી પોતાના તાબામાં કરી લીધી હતી અને નવાબને પણ કરવા ચાહતી હતી પણ

નવાબ બેગમના જેવો બોજો ન હોવાથી તેણી તેમાં જરાએ ફાવી શકી નહિ.

જે વખતે આલમઆરા પોતાની મા અઝમતખાનમની પાસેથી ઉઠી પોતાની ઓરડી તરફ આવી તે વખતે લુચ્ચી ઇમામન ત્યાં ઉભેલી હતી આલમઆરાને આવતી જોઇ તેણીએ માત્ર ચીડવવાને ખાતર ધીમેથી આલમઆરા સાંભળે તેવી રીતે નીચેનો માર્મીક દોહરો કહયો.

પ્રેમ તણી શરૂઆતમાં, બની અધીરી નાર
ધીરજ ધર દીલમાં જરા, પડશે કષ્ટ હજાર

આ માર્મીક દોહરો સાંભળી આલમઆરા પોતાના વિચારો-માંથી જાગ્રત થઇ અને નજર ઉઠાવી જોતાં નિચ ઇમામનને ઉભેલી જોઇ, આલમઆરાએ ગુસ્સાથી ભરેલી ચક્ષુઓ જ્યારે ઇમામનના મુખપર નાંખી ત્યારે તેણી જો કે બેશરમ હતી તોપણ ગભરાઇ ગઇ અને જેમ સીંહણને જોઇ શીયાળ નહાસે છે તેમ માથું નીચું કરી ચાલતી થઇ. આલમઆરા પોતાના રૂમમાં આવી વિચારોમાં પડી અને પોતાની સ્થીતિ જોઇ અફસોસ કરવા લાગી. દરેક પળે તેને એજ વિચાર આવવા લાગ્યો કે શું જહાંઆંગીરની સાથે થએલી મારી મુલાકાત કોઇએ જોઇ લીધી હશે? શું જહાંઆંગીર બાગમાં આવ્યા તે વખતે અમારા બે સિવાય ત્રીજું કોઇ અમારી ચર્ચા જોતું હશે? હા! એમજ હશે? નહિ તો મારી ભોળી માને આ વાતની ખબર ક્યાંથી પડી. નિચ ઇમામનની ચાલ ચલગત અને અત્યારે કહેલ માર્મીક દોહરાથી એમજ સાબીત થાય છે તેણીએ અમે બન્ને જણને જરૂર બાગમાં વાત કરતાં જોઇ લીધા છે. તેણીએ જો! હરો

અત્યારે કહયો તે પણ સાફ એજ મતલબને ખુલ્લી પાડે છે માટે આ કામ જરૂર એ નિચ દાસીનુંજ હોવું જોઇએ. પણ ચીંતા નહિ જે માણસે મારા નાજુક વખતમાં જાનપર ખેલીને મારી જાન બચાવી છે તો શું હું તેને વિસરી જાઉં, તેના એહસાનોને ભુલાવી દઉં ? નહિ, એ કદી મારાથી થનાર નથી, મેં તેને મારા બાગમાં બોલાવી વાતચીત કીધી તો તેમાં શું ખોટું કર્યું ? ધર્મ વિરૂદ્ધ એક ડગલું એ ભર્યું નથી, હા, જો કદાચ ધર્મ વિરૂદ્ધ કાંઇ કર્મ અમારા બન્નેમાંથી એક જણના હાથે થયું હોત કે થવાની બીક હોત તો મારે બીહવાનું કારણ છે, પણ અમારા બન્નેની વચ્ચે તો એવું કાંઇએ નથી, તેથી ગભરાવું ન જોઇએ તેણે જે આભારની ફુલી મારા જેવી એક અબળા ઉપર વરસાવી છે તે જોતાં મારૂં દિલ તેની હમેશાની થઇ જવા માટે સમજાવે છે, હા ! હું દિલના તાબે થઇ, તેની થઇશ, અને હમેશા સુધી તેની થઇને રહીશ, શું હું માતાની બીકથી મારા મોહસિનને ભુલાવી દઉં ? નહિ એવું મારાથી તો નહિ બને માટે હવે કરવું શું ? મારી ભોળી અને ભોળાઇના દરજ નખી વધી પડેલી મુર્ખ મા તો નિચ દાસીના પંજે સપડાઇ ચુકી છે તેથી રખેને તે પિતાજીને કહી દે, અગર કહી દેશે તો પણ શું ? પીતાજી એવા ભોળા નથી કે તે સાહસ કરી મને તરછોડે, તેઓ જરૂર મારી વાત સાંભળશે અને ફરી ન્યાય પુર્વક બનતા સુધી મદદ કરશે. પણ હાલ તરત મારે શું કરવું ? જહાંકદરને ના લખી દેવું કે હમણા થોડી મુદત આવતા નહિ હું લખું ત્યારે આવજો. આ લખવું તો વાજબી છે, પણ ના શબ્દ મારાથી લખાશે ? લખાશે તો નહિ પણ શું કરૂં લાચારીએ લખીશ, આટલું કહી તે ટેબલની પાસે ગઇ અને ખુરસીપર બેસી નીચેનો કાગળ લખવા માંડયો.

" આપથી મળવા મન ચાહે એ સ્વભાવીક હોવાથી અત્રે
" લંબાણુથી તે બાબે ન લખતાં આપનો અને મારો વખત
" ગુમાવવા માંગતી નથી. મારી કમનસીબીના રડણુ પાટલા
" લખવા કલમ ચાહે છે. પણ તેમાં એ વખતનો ભોગ થવા
" સંભવ હોવાથી માંડીવાળું છું. પરંતુ એક ખાસ બાબત
" તરફ આપનું લક્ષ દોરૂં છું.—હું પાકે પાયે બરસાથી લખતી
" નથી પણ માત્ર એક વાત થવાથી લખું છું કે આપની
" અને મારી મુલાકાતની ખબર બીજા કોઇ ઘરના માણસને
" થઇ હોય એવું આજે માલુમ પડયું છે. માટે મારી કમ-
" નસીબીમાં રખેને વધારો ન થઇ જાય એ બીકથી વિનંતિ
" કરૂં છું કે (શું હું લખું ? ના ! ના ! મારાથી નહિં લખાય
" પણ લખ્યા વિનાએ છુટકો નથી.) હાલમાં મારો બીજો
" પત્ર મળતાં સુધી આપ અહિં આવવું બંધ રાખજો. આ
" પત્ર લાવનાર મારી ભરૂસેદાર દદા છે તેની મારફતે આપની
" મને અને મારી આપને ખબર મળતી રહેશે. વધુ શું લખું.

લી. આપની થઇ ચુકેલી.

આલમઆરાએ ઉપરનો કાગળ લખી બે ત્રણ વખત વાંચી કવરમાં બંધ કર્યો અને પોતાને નહાનપણથી દુધ પાઇ ઉછેરનાર દદાને બોલાવી જે આશરે સાઠ વરસની હતી આલમઆરાએ પોતાના મનની વાતથી દદાને વાકેફ કરેલી હોવાથી અત્યારે તેને કાંઇ વધુ સમજાવવાની જરૂર ન પડી, દદા કાગળ લઇને તરતજ જહાંકદરના મકાન તરફ ગઇ. જેને ઉપર આપણે જોઇ આવ્યા છીએ દદાના ગયા પછી આલમઆરા પાછી એજ વિચારોમાં

શું થાય. એક કલાક પછી દદા પાછી આવી તેને જોતાંજ ધીમેથી આલમઆરાએ કહ્યું.

આલમઆરા—કેમ દદા ! શું જવાબ લાવ્યા ?

દદા—બેટા ! લેખીત જવાબ આપ્યો નહિ પણ મોંઢેથી કહ્યું છે.

આલમઆરા—શું કહ્યું છે તે કહો ?

દદા—દીકરી ! જ્યારે મેં તેઓને તારો કાગળ આપ્યો ત્યારે તો તેઓ બહુજ હર્ષમાં આવી ગયા. પરંતુ જેમ જેમ કાગળને વાંચતા ગયા તેમ તેમ તેમના ચેહરાપર ઉદાસીના ચિન્હો જણાવા લાગ્યા છેવટે કાગળ વાંચીને નિઃશ્વાસ સાથે કહ્યું કે હાલ મારામાં એટલી શકિત નથી કે આ કાગળનો લેખીત જવાબ આપું પણ જો કાલે આવશો તો હું જરૂર જવાબ લખી આપીશ. અને અત્યારે તો માત્ર એટલુંજ કહેજો કે તમારો દાસ તમારી આજ્ઞા અનુસાર વર્તશે આ શબ્દો કહેતાંજ તેમની આંખોમાંથી ટપ ટપ આંસુઓ પડવા લાગ્યા. તેથી વધારે ન બોલતાં નીચું મોઢું કરીને ચુપ થઇ ગયા.

આલમઆરા—(દિલગીર બની) હાય દદા ! શું કરૂં કાગળ લખતીજ વખતે આ વિચાર આવ્યો હતો પણ લાચારીએ દુશ્મનોની બીકથી લખ્યો.

દદા—(દિલાસો દેતાં) દીકરી ! દીલગીર શું કરવા થાય છે હોય એમજ ચાલે છે દુશમન તો બીજું કોઇએ નથી પણ વગર લેવે દેવે આ નિમ્ક હરામન દુશમન બની ગઇ છે.

આલમઆરા—હા ! જુઓને દદા આ લુચ્ચી હરામનેજ બધા કાવત્રાં રચ્યાં છે અને કોણ જાણે બેગમ સાહેબને મારી

કેવી કેવી વાતો કરીને ફેરવી દીધાં છે કે તેઓ જાણે સગામાંજ નથી.

દદા—હા, દીકરી બેગમ સાહેબ એવા તો ફંદામાં ફસાઇ પડયા છે કે ન પુછો વાત.

આલમઆરા—શું કરૂં કે એમની ભોળાઇના સબબે નિચ ઇમામનના કાવત્રાની હું ભોગ થઇ પડી છું નહિ તો જો બેગમ જરા ઠીક હોત તો આવા સો ઇમામનોને હું ક્યારનીએ પોંહચી વળી હોત.

આલમઆરા અને દદામાં આ પ્રમાણે વાતચિત થયા બાદ દદા ઉઠીને બહાર ગઇ અને આલમઆરા જહાંકદરની યાદમાં પડી. દર પળે જહાંકદરની છબી તેની નજરોમાં ભમ્યા કરતી હતી આ વખતે પણ જાણે જહાંકદર તેની પાસેજ ઉભો હોય નહિ તેવીજ રીતે તેને લાગ્યું, આલમઆરાના હૃદયમાં દર પળે જહાંકદરનીજ છબી રહેતી હતી તેથી અત્યારે આલમઆરા જહાંકદરની યાદમાં નિંદ્રાને વશ થઇ ગઇ.

સાંજના છ વાગે નમાઝનો વખત વહી ગયો હશે તેની ચિંતાના સબબે આલમઆરા ગભરાઇને જાગ્રત થઇ અને વજુ કરવા માટે પોતાની રૂમમાંથી બહાર નીકળી જ્યાં ઇમામનનો ભેટો થયો. ઇમામને આલમઆરાને થોભાવીને કહ્યું.

ઇમામન—શાહજાદી સાહેબ ! શું આપ મારાથી ગુસ્સે છો ?

આલમઆરા—તેં કેવી રીતે જાણ્યું કે હું તારાથી ગુસ્સે છું.

ઇમામન—આપની વાતોથી.

આલમઆરા—એમકે ?

આલમઆરાએ "એમકે ?" એવા રૂપમાં કહ્યું કે જેનો અસર ઇમામનના મન ઉપર બહુ મોહટો થયો. તો પણ તેણીએ નફટાઇથી ફરી કહ્યું.

ઇમામન—જુઓ શાહજાદીસાહેબ ! આપ મને હર વખતે દરેક વાતમાં તરછોડો છો અને દબાવો છે તે ઠીક નહિ, કેમકે આપને આમ કરવાથી મોહટા નુકશાનમાં ઉતરવું પડશે.

આલમઆરા—શું મને નુકસાનમાં ઉતરવું પડશે ?

ઇમામન—જી હા ! આપને નુકસાનમાં ઉતરવું પડશે.

આલમઆરા—(ધીઃકારની નજરે જોઇને) લે ઠીક, જા ! મારી સામેથી ચાલી જા.

ઇમામન—હું ઠીક કહું છું કે આપ મને ન તરછોડો, જુઓ એમાં આપને નુકશાન છે.

આલમઆરા—ચાલ, ચાલ, નુકસાનવાળી ?

ઇમામન—શાહજાદી સાહેબ, કાંઇ વિચાર કરો હું ઢોરઢાંખર નથી માણસ છું માટે આવી રીતે ન તરછોડો.

આલમઆરા—(ગુસ્સાથી ચીડાઇને) હા હા હું જાણું છું કે તું માણસ છે ઢોર નથી પણ તું ઢોર ખરાંએ ઉતરતા દરજ્જાની છે સમજી ! લુચ્ચી, હરામખોર.

ઇમામન—(છીછરી બનીને) બસ શાહજાદીસાહેબ રેહવા દો હું કાંઇ તમારી વાતો સાંભળનાર નથી સમજ્યા ?

આ સાંભળી આલમઆરાને બહુજ લાગી આવ્યું પણ સમજદાર હોવાથી ભુંડાની સાથે ભુંડા ન બનતા ત્યાંથી નમાઝ પઢવા ચાલી ગઈ નમાઝ પઢીને પોતાના રૂમ તરફ પાછી ફરતી હતી એટલામાં ફરી ઇમામન આવી આ વખતે ઇમામનના ચેહરા ઉપર ખુશીના ચિન્હો દેખાતાં હતાં તેણીએ આવતાં વેંતજ છીછરાપણાથી કહ્યું.

ઇમામન—ચાલો શાહજાદી સાહેબ આપને બેગમ સાહેબ બોલાવે છે.

આ સાંભળી આલમઆરા તરત ચેતી ગઇ કે જરૂર આ કુટ્ટનીએ મારી ભોળી માને ભરમાવી છે તેથી આ વખતે તેણી બોલાવતી હશે આ વિચાર કરી આલમઆરાએ જવાબ આપ્યો.

આલમઆરા—જો મારે આવવું હશે તો આવીશ.

ઇમામન—આવવું હશે તો આવીશ નહિ હમણા મારી સાથેજ ચાલો બહુ જરૂરી કામ છે. તેથી બેગમ સાહેબ અત્યારે ને અત્યારે બોલાવે છે.

આલમઆરા—કમરે કુટ્ટની સાંભળતી નથી, એ બાપની દાસી થઇ મારી સામે બે અદબી અને છીછરાપણાથી બોલે છે જા હમણા આવું છું.

આ સાંભળી ઇમામન પગ પછાડી ચાલતી થઇ, આ જોઇ આલમઆરા ગુસ્સાથી ભરેલી પોતાના રૂમમાં ગઇ અને પછી પોતાની માના રૂમમાં ગઇ જ્યાં પાથરેલી શેતરંજી ઉપર માને સલામ કરીને બેઠી અઝમતખાનમે આલમઆરાના સલામનો જવાબ ન આપતા કહ્યું.

અઝમતખાનમ—કેમ સાહેબ, તમે તો, હદ બહારજ થઇ ગયા છો ?

આલમઆરા—હદ બહાર ! તે કેવી રીતે ?

અઝમતખાનમ—હદ બહાર તે એવી રીતે. કે દરરોજ રાતની વખતે જુવાન માણસની સાથે બાગમાં બેસી વાતો કરી વડીલોના નાકને કપાવો છો

આલમઆરા—આવી વગર પાયાની વાતો આપની આગળ કોણ કરે છે ?

અઝમતખાનમ—ગમે તે કરે છે તમારે તેની શી પંચાત ! ખરી છે કે નહિ તે કહો ?

આલમઆરા—જુઠ તદન જુઠ બીલકુલ જુઠ, કોઇએ દુશમનીના સબબે આપને ઉંધુંચતું ભેરવેલું જણાય છે.

આલમઆરાના મુખથી આ શબ્દો ઘણાજ ગુસ્સાના આવેશમાં નીકળેલા જોઇ અઝમતખાનમે ધીમા પડીને કહ્યું.

અઝમતખાનમ—પણ આટલો બધો ગુસ્સો કોના ઉપર?

આલમઆરા—(આંખમાં આંસુ લાવી) ગુસ્સો હું કોનાપર કરૂં! આપ સગા મા થઇને જ્યારે આજકાલના આવેલા બે બદામના નોકરોના ભરમાવ્યાથી સગી દીકરી ઉપર આવી આવી જુઠી તોહમતો મુકી દુઃખી કરો છો ત્યારે ફરી હું કોની પાસે ફરિયાદ કરૂં? અને કોને ગુસ્સો બતાવું.

અઝમતખાનમ—મને બીચારા નોકરો શું ભરમાવશે?

આલમઆરા—એ તો આપના મનને પુછો?

અઝમતખાનમ—મેં તો મારા મનને પુછેલુંજ છે.

આ સાંભળી આલમઆરાથી ન રહેવાયું અને તેણીની છાતી ભરાઇ આવી, સગી માને આમ દુશમન બનેલી જોઇ તેણીને બહુજ લાગી આવ્યું. આલમઆરા સમજી હતી કે મને દીલગીર જોઇ જરૂર મારી મા નરમ પડી જશે પણ આ સમજવામાં તેણીએ મોહટી ભુલ ખાધી હતી કેમકે અઝમતખાનમ આલમઆરાને રોતી જોઇ વધુ ગુસ્સામાં આવી બુમો પાડી કહેવા લાગી.

અઝમતખાનમ—તારા બનાવટી આંસુઓથી મને કાંઇ પણ અસર થનાર નથી તારા જેવી ઉદ્ધત અને ના ફરમાન છોકરીના રોવાથી લગારે દયા આવશે નહિ જા! મારી સામેથી દુર થા, તું જાણે ને તારા બાપ જાણે.

આ સાંભળી આલમઆરા નિશ્વાસ નાખી પોતાની મા પાસેથી ઉઠી અને પોતાની રૂમમાં જઇ રોવા લાગી.

આસમઆરા પિતા ફરહતુદ્દૌલાને અઝમતખાનમે દીકરી તરફથી જરૂર ફેરવવાના ફાંફાં માર્યા અને તેથી બિચારા ફરહતુદ્દૌલાનું મન દીકરી તરફથી ડગવા માંડયું પણ ફરી આ વિચાર કરીને કે એક નિચ દાસીના કહેવા ઉપર ભરૂસો કરી એકની એક લાયક દીકરીને શું કરવા તરછોડું અને એક બુદ્ધિશાળી દીકરીને બીજાના કહેવા પર શું કરવા દુઃખી કરૂં. આ વિચારથી ફરહતુદ્દૌલા પોતાની દીકરી પર પહેલાં કરતાં વધારે પ્યાર અને મોહબ્બત કરવા લાગ્યો તથા પહેલા દહાડામાં એક વખત જતો હતો તો હવે બેગમના બરમાખ્યા વળી ચાર વખત જવા લાગ્યો. અને દીલાસાના શબ્દો કહી દીકરીના મન પર આવતી આફત દુર કરવા લાગ્યો.

પ્રકરણ ચોથું.

છુટે ખાવું પીવું ને, નિંદ્રા સુખ આરામ;
પ્રેમી મળે પ્રેમમાં, જપવું પ્રિયા નામ.

રાતના આઠ વાગે જહાંકદર પોતાના રૂમમાં ખાણું ખાઇને વિચારોમાં લિન બની બેઠો હતો. આલમઆરાની યાદ તેના હ્રદયમાંથી એક ઘડી પણ વિસરતી નથી. રાત દીવસ પ્રિયા નામનીજ જપનામાં જાય છે જે દીવસથી આલમઆરાનો કાગળ આવ્યો છે તે દીવસથી તે વધારે દુઃખી જણાય છે. અત્યારે પણ આલમઆરાનીજ યાદે તેના મનમાં વાસો કરી બેચેન બનાવ્યો છે અને કે કાગળ આવ્યા પછી બે ત્રણ વખત તે આલમઆરાના બગીચા તરફ પ્રિયા દર્શનના માટે ગયો હતો પણ દર્શન ન થવાથી નિરાશ બની પાછો ફર્યો હતો અત્યારે તે દર્શનના માટે બેચેન બની લુગડાં પેહેરી બહાર નીકળ્યો અને સીધો આલમઆરાના બગીચા ભણી ગયો. બગીચા આગળ આવ્યો પણ નજર નાખતાં બગીચો પ્રિયા વિના શુન્ય ભાસ્યો તેથી તે એક ઝીણી હાય ખેંચી આંસુઓ કહાડી કહેવા લાગ્યો.

જહાન સુન સાન લાગે સઘળી
જો એક પળ મુર્તિ તુજ વિસારૂં

હૃદયથી તુજ યાદને હું મુકું તો
નકી ભાળું બધે અંધારૂં
નિસાર હું જ્યારથી થયો છું
નથી ખબર મુજને કાંઇ મારી
પરંતુ હા સમજું છું હું એટલું
કે નામ હરદમ જપું છું તારૂં

* * *

જ્યારથી મુજ મન ભરાયું પ્રેમના કાંટે પ્રિયા
નિંદ્રાને આરામ સુખ છુટી ગયા છે હે પ્રિયા
બાગ જંગલ જેવો ભાસે સુનું ઘર દીસે પ્રિયા
ઇચ્છા તુજ દર્શન વિના બીજી નથી મનમાં પ્રિયા

* * * * *

પ્રેમમાં સપડાએલા જહાંકદરને અત્યારે ક્યાં ખબર હતી કે તેની પ્રેમદા કેવા સંકટોમાં પડી છે. જહાંકદરનું આ રૂદન સાંભળીને દિલાસો દેનાર માત્ર આલમઆરાની યાદ સિવાય બીજું અત્યારે કોઇ નહોતું, ને દુર્ભાગી પ્રેમી બાગની દિવાલને પકડી આલમઆરાની યાદમાં બેચેન બની રહયો હતો. ચાંદની રાત હોવાથી ચંદ્રમાંએ પોતાનો પ્રકાશ ચારે બાજુએ નાંખ્યો હતો આલમઆરાનો બગીચો અને મહેલ ચાંદનીના સબબે બિલકુલ રૂપાના જેવા દેખાતાં હતાં પણ જહાંકદરને તો પ્રિયા વિના તે અંધકાર સમાન દેખાતા હતા.

એક કલાક સુધી આવી રીતે જહાંકદર રૂદન કરી પ્રિયાના દર્શનથી નિરાશ બની એક છેલ્લી નિરાશા ભરી નજર બગીચા અને મહેલના દરવાજા તરફ કે જેમાંથી તેની પ્રિયા બાગમાં આવતી હતી નાંખી પોતાના ઘર તરફ વિદાય થવા વળ્યો કે પાછળથી કોઇ માણસે આવી તેના ખભા ઉપર હાથ મુક્યો. જહાંકદર જો કે બેભાન અવસ્થામાં હતો છતાં હાથના અડકતાંજ ચોંક્યો અને ફરીને જોયું તો એક પાકી વયે પોહચેલો શરીરે પુષ્ટ ઘરડો ઉભેલો જણાયો જહાંકદરે ગુસ્સામાં ઘરડાનો હાથ પકડી લીધો અને બોલ્યો.

જહાંકદર—તું કોણ છે ? અને આવી રીતે ખભા ઉપર હાથ મુકવાની મતલબ ?

ઘરડો—(જરા હળવેથી) આપ ગુસ્સે ન થાઓ. હું આપનો તથા આલમઆરાનો ખેરખ્વાહ અને હિતેચ્છુ છું. અને જે બાબતોને અત્યાર લગી આપ જાણતા નથી તેનો હું પુરેપુરો માહીતગાર છું.

જહાંકદર—(તેનો હાથ મુકી દઇને નરમાશથી) ભલા કાકા ! તમે કોણ છો ? અને આ વખતે અહિં શું કરવા આવ્યા છો ? તથા મને ક્યાંથી ઓળખો છો ? તે સર્વે બીના કહો અને તમારૂં નામ પણ બતાવો ?

ઘરડો—મારૂં નામ કરીમ છે. હું નવાબ ફરહતુદદોલાનો જુનો નોકર છું. હું તો શું પણ મારા બાપદાદા પણ નવાબસાહેબને ત્યાંજ નોકર હતા. નવાબસાહેબના તમામ મહેલમાં મારૂંજ ચલણ હતું પણ જ્યારે બેગમસાહેબે નીચ છમાભનને પોતાની ખાસ દાસી

બનાવી અને તેણીએ મારા વિરૂદ્ધ બેગમસાહેબ તથા નવાબસાહેબને, ભરમાવ્યા ત્યારે નવાબસાહેબે મને તથા મારા જેવાજ બીજા ત્રણ જુના નોકરોને રજા આપી. મને રજા આપવામાં આવી તે વખતે આલમ-આરાની વય માત્ર સાત વરસની હતી. આલમઆરાને મેં નાનપણથી રમાડેલી હોવાથી મારો જીવ રાત દીવસ તેને જોવાનેજ લાગી રહેતો હતો તેથી કોઇ કોઇ દહાડે નવાબ અને બેગમસાહેબથી છાનામાના મહેલના પાછલે બારણે જતો જ્યાં આલમઆરાની દુધ માતા જે બહુજ ભલી અને ભોળા દીલની ડોસી છે તેણી આલમઆરાને લઇને આવતી હું આલમઆરાને જોઇ ખુશ થતો અને આશીર્વાદ આપી ચાલ્યો જતો. જે દીવસે ઇરાનીઓએ દીલ્લીમાં કતલ ચલાવી તે દીવસે મેં નિશ્ચય કર્યો હતો કે મારા જીવના જોખમે પણ નવાબ સાહેબના કુટુંબને લગારે આંચ આવવા દેવી નહિ. એ વિચાર કરીને હું મારા ચાર સોબતીઓ સહિત નવાબસાહેબના મહેલ ઉપર આવ્યો, પણ નવાબસાહેબ તથા બેગમસાહેબ અને નિચ ઇમામનને નહાસી જતાં જોઇ એક ખુણામાં ભરાઇ ગયો જ્યારે તેઓ ચાલ્યા ગયા ત્યારે મેં વિચાર કર્યો કે લાવ આ સઘળા તો ચાલ્યા ગયા પણ આલમઆરા ક્યાં ? લાવ મહેલમાં જઇને જોઉં, તે પછી મેં મહારા સોબતીઓને મહેલ બહાર ઉભા રાખ્યા અને હું મહેલમાં ગયો, મહેલમાં જઇને જોયું તો આલમઆરા બહુજ હિંમત તથા બહાદુરીથી હીંચકાપર બેસી હીંચકા ખાઇ રહી હતી, તે વખતે મેં તેણીની સાથે વાત કરવાનું વાજબી ન જોતાં પાછલા પગે મહેલ બહાર આવ્યો અને મારા ચારે સોબતીઓને લઇ મહેલની પરસાળમાં આવેલી એક કોટડીમાં સંતાયો. અમને સંતાયાને થોડીજ વાર ગુજરી હશે કે બે ઇરાની સીપાઇઓ આવ્યા અને જ્યારે તેઓએ

આલમઆરા ઉપર જુલમ ગુજારવા વિચાર કર્યો. ત્યારે હું મદદ કરવા માટે બહાર નીકળવા તૈયારીજ કરતો હતો કે એવામાં તમે આવ્યા અને તમોએ ઇરાનીઓને હરાવી કતલ કરી આલમઆરાને બચાવી લીધી.

કરીમ ડોસાએ પોતાની વાત અહિં સુધી કહી અને પછી સ્વાસ લઇને કહ્યું.

કરીમ—આપ અહિં આલમઆરા માટેજ આવો છો ? કેમ ખરૂં છે ની ?

જહાંકદરે કરીમ ડોસાની જ્યારે આ સઘળી હકીકત સાંભળી ત્યારે તેને પુરેપુરો ભરોસો આવી ગયો કે જરૂર આ બુઢ્ઢો મારો તથા આલમઆરાનો ખરો ખેરખ્વાહ અને હિતેચ્છુ છે. માટે હવે કોઇ પણ વાત છાની રાખવી ન જોઇએ. આ વિચાર કરી તે તરતજ કરીમ ડોસાના ગળે વળગી પડયો અને કહેવા લાગ્યો.

જહાંકદર—વ્હાલા કરીમ કાકા ! મેં પહેલા તમને ઓળખ્યા નહિ તે માટે માફ કરજો. ખરેખર તમે મારા તથા આલમઆરાના ખરા હિતેચ્છુ છો, હવે તમે મને એવી યુક્તિ બતાવો કે હું મારી પ્યારી આલમઆરાથી મળી શકું.

કરીમ—(નિસાસો દેતાં) આપ ગભરાઓ નહિ, ઇમામન ગમે તેટલું આલમઆરાનું બુરૂં ચાહે તો પણ તેનું કાંઇ વળનાર નથી હું ઇમામનનો કટ્ટો શત્રુ છું. ઘણા દીવસથી એનાજ લાગમાં ફરૂં છું. અગર લાગ મળી ગયો તો હું એને કાચીને કાચી ખાઇ

જવામાં લગારે વાર નહિ લગાડું આપ નિશ્ચિન્ત રહો, ખુદા સહુ સારૂં કરશે.

જહાંકદર—ભાઇ ! જો તમે મને માત્ર એક વખત આલમઆરાના દર્શન કરાવશો તો હું જીંદગી સુધી તમારો આભાર નહિ ભુલું.

કરીમ—જો તમે તમારી આલમઆરાથી સદાને માટેજ મળવા ચાહતા હો તો થોડા દીવસ સુધી અહિં આવવાનું એકદમ બંધ કરી દો, કેમકે આપના આ તરફ આવ્વાથી નિચ ઇમામનના હાથમાં વાત આવી જાય છે તેથી તે બેગમસાહેબને આલમઆરાની ચાલચલણ બાબે જુઠું જુઠું ભેરવી વધુને વધુ ઉશકેરે છે અને બેગમ બીલકુલ બેવકુફ હોવાથી પોતાની એકની એક દીકરીને નીચ દાસીના દાવમાં ફસી દુખી કરે છે માટે હાલ તરત થોડા દીવસ માટે તમે થોભી જાવ માત્ર દદાની મારફતે પત્ર વ્યવહારથી ખબર મંગાવતા રહો. હું પણ કોઇ કોઇ દીવસ દદાની સાથે તમારી પાસે આવતો રહીશ. અને નીચ ઇમામનને ફંદામાં ફસાવવાની જે જાળ બીછાવવા ચાહું છું તેની પણ ખબર આપતો રહીશ.

જહાંકદર—હું તમારા જેવા બેરખ્વાહની સલાહ માન્ય કરૂં છું. અને હવેથી તમારી સલાહ પ્રમાણેજ ચાલવા બંધાઉ છું. પણ કૃપા કરી એ કહો કે હું તમને કઇ જગ્યાએ મળું.

કરીમ—ચાંદની ચોકની પાસે રહીમ બીસાતીની દુકાન ઉપર અને આપની મુલાકાત ક્યાં થશે.

જહાંકદર—કાશમીરી દરવાજાની પાસે નવાબ અનીસુલ મુલ્કના મહેલમાં.

ઉપર પ્રમાણે કરીમ અને જહાંકદર વાતો કરી એક બીજાથી છુટા પડયા. જહાંકદર પોતાના ઘર તરફ ગયો અને કરીમ બગીચાની બાજુમાં આવેલી ગલી વટાવી સડકપર થઇને એક ગલીમાં ગયો. અને એક બેઠા બાટના ઘરની સાંકળ ખખડાવી બોલ્યો.

કરીમ—અરે ઉઘાડ !

ઘરમાં પાંચ છ જણાનો અવાજ સાથે આવતો હોવાથી કરીમની બુમ કોઇએ સાંભળી નહિ તેથી કરીમે ફરીને બુમ પાડી આ વખતની બુમ સાંભળતાંજ બધા જણા શાંત થઇ ગયાં. એક છોકરાએ ઉઠી દરવાજાની પાસે આવીને કહ્યું.

છોકરો—આવી મોડી રાત્રે કોણ છે ?

કરીમ—ઉઘાડ ! ઉઘાડ ! ! હરામખોર ! ! !

છોકરો—પણ નામ શું ?

કરીમ—અરે લુચ્ચા ઉઘાડ એતો હું છું.

છોકરો—કોણ ખાનસાહેબ ?

કરીમ—હા, બદમાશ.

છોકરાએ કરીમનો સાદ ઓળખતાંજ દરવાજો ઉઘાડયો અને ખુશામત કરીને કહેવા લાગ્યો ખાનસાહેબ માફ કરજો મેં આપનો અવાજ બીલકુલ ઓળખ્યો નહિ, કરીમ તેના જવાબમાં કાંઈ ન કહેતાં મકાનની અંદર ગયો. આ ઘર એક લાંબી કોટડીના આકારનું હતું. ઘરની વચોવચ એક દીવો મુકેલો હતો અને તેની આસપાસ

જ્યાંચ છ માણુસો બેસી હાથીદાંતના પાસાથી જુગાર રમતા હતા. બુઢો કરીમ પણ અંદર આવી પોતાની કમરથી રૂપીઆની વાંસળી ખોલી તે રમનારા માણસોની પાસે બેઠો એટલે તે રમનારાઓમાંનો એક માણસ કે જેનું નામ મલ્લુ હતું તેણે કહ્યું.

મલ્લુ—ખાનસાહેબ મહેરબાની કરી દસ રૂપીઆ ઉધાર આપો.

કરીમ—અત્યારે દસ પાંચની વાત નહી કરતા પોતપોતાના ઘેર જાઓ કેમકે એક વાગી ગયો છે માટે રોનના સીપાઇઓ ફરવા નીકળી ચુકયા હશે.

આ સાંભળી રમનારાએ પોતાની રમત બંધ કરી એક બીજાનો અંદર અંદર હીસાબ પતાવી ચાલતા થયા તે માણુસોમાંથી એક માણુસ કે જે શરીરે જાડો અને મોહડાપર શીળીના દાગવાળો હતો તેને કરીમ બુઢાએ બોલાવ્યો અને કહ્યું.

કરીમ—ગીરધારી મારે તને કાંઇ કહેવું છે માટે સઘળાઓને વિદાય કરી મારી પાસે આવજે.

ગીરધારી—બહુ સારૂં.

ગીરધારી પોતાના સર્વે દોસ્તોને ઘર બહાર વિદાય કરી કરીમની પાસે આવ્યો અને નમ્રતાથી કહેવા લાગ્યો.

ગીરધારી—ફરમાવો ખાનસાહેબ સેવકને શું કહેવું છે, કરીમ ગીરધારીનો હાથ પકડી બાજુની કોટડીમાં લઇ ગયો જ્યાં એક કલાક સુધી છાની રીતે વાતો કરી ગીરધારીને આ કહેતાં બહાર

નીકળ્યો "જરા જોખમનું કામ છે" ગીરધારીએ જવાબ આપતાં કહ્યું ઓહો ખાનસાહેબ આને કાંઇ મોહટી વાત કહેવાય કે! કોઇ જબરા ગબરને બતાવો અને સેવકને હુકમ કરો, પછી જોઇ લ્યો સેવકના સપાટા તેનું માથું ઉડાવી લાવે છે કે નહિ.

કરીમ—ગીરધારી! મને તારી પુરેપુરી ખાત્રી છે માટે અત્યારે જ પણ સાવચેત રહેજે.

"બહુ સારૂં" કહી ગીરધારી કરીમના મકાન બહાર નીકળ્યો અને કરીમ છોકરાને દરવાજાને સાંકળો દેવાનું કહી કોટડીમાં જઇને ખાટલાપર પડ્યો.

પ્રકરણ પાંચમું.

બેગમ ભોળી નવાબને ઉંધુ ચતું સમજાય
દાસી નિચ દ્વેશથી માંગે ઈશ્વરની સ્હાય

એમતો ભોળી અને બેવકુફ અઝમતખાનમે નિચ દાસી ઈમામનના સમજાવ્યાથી નવાબ ફરહતુદદૌલાને આલમઆરા તરફથી ભરમાવવાની કાંઇ બાકી રાખી ન હોતી પણ નવાબે બેગમની એક વાત ઉપર ધ્યાન આપ્યું ન હોતું. અઝમતખાનમે ફરી એકવાર વધુ કહેવા માટે નવાબને બોલાવ્યા અને દીકરીની હદપારની બુરાઇઓનું વર્ણન કર્યું. પોતાની દીકરીની બુરાઇઓ પોતાની બેગમના મુખથી સાંભળી નવાબ સાહેબનો મીજાજ હાથથી ગયો અને ક્રોધાવેશમાં આવી બેગમને કહ્યું.

નવાબ—બેગમ ! તમારી વાતોને રહેવા દો મારે બીલકુલ સાંભળવી નથી હવે કોઇ દીવસ પણ આલમઆરાની વાત કહેવી હોય તો મને બોલાવતા નહિ હું તેના સંબંધની એક વાત સાંભળવા માંગતો નથી.

બેગમ—(ઠપકાથી) ભલે તમારે સાંભળવી ન હોય તો ન સાંભળો પણ હવે અમે કેમ કરી આલમઆરાના લગ્ન કરી આપો તો સારું.

નવાબ—તમે આલમઆરા ઉપર જેટલા આરોપ મુકયા તે બધા વગર પાયાના અને દ્વેશ બુદ્ધિથી બડેલા છે પણ લગ્ન માટે કહ્યું તે ઠીક છે. હું વિચાર કરીને અને કોઇ સારો વર શોધીને કહીશ.

બેગમ—હવે એમાં વિચાર શાનો કરવો છે વરતો ઘરમાંજ છે. કયાં બહાર શોધવા જવું પડે તેમ છે.

નવાબ—વર વળી ઘરમાં કયાં છે ?

બેગમ—મારા ભાઇનો દીકરો શમશુદ્દીન છે તે શું વર નથી ?

નવાબ—ના ! કેમ નહિ ! બહુ સારો વર ! હું જેટલી વખત બનારસ ગયો છું તેટલી વખત તમારા શમસુને ચંડુલખાના કે કલાલ ખાનામાંજ પડેલો જોયો છે.

બેગમ—ચંડુલખાના અને કલાલખાનાની વાત તો જવા દો માણુસ જાત છે તો કદી ભુલ્યો ચુકયો જઇ ચડયો હશે, નહિ તો હમણાંજ મારી બહેન કહેતાં હતાં કે હવે તો શમસુ ગુલીસ્તાં વાંચતા અને અબજદ લખતાં શીખી ગયો છે અને તુટીફુટી પોતાની સહી પણ કરી લે છે.

નવાબ—એમકે ! ઓહો ! ત્યારે તો તમારો શમસુ બહુ મોહટો વિદ્વાન ! બહુ મોહટો આલેમ ! બહુ મોહટો ફાઝિલ ! થઇ ગયલો જણાય છે પણ બેગમ જરા તેના બાપની સ્થીતી તો જુઓ આખો દીવસ અને રાત અફીણમાંજ ટં બનીને પડયા રહે છે.

બેગમ—એતો બિચારા સળેખમની બીમારીના સબબે અફીણુ ખાય છે કાંઇ જાણી બુઝીને થોડા અફીણી બન્યા છે.

નવાબ—"(સ્મુજ કરીને) એમ! ઠીક ત્યારે તો કાંઇ હરકત નથી!

બેગમ—હરકત ન લાગતી હોય તો ફરીવાર શું કરવા કરો છો મને તો ભય લાગે છે કે શમસુના માગાં બીજે ઠેકાણેથી આવે ને મારી બહેન હા ન પાડી દે નહિ તો ફરી આવો વર મળવો મુશકેલ પડશે બિચારો શમસુ બહુ ભલો અને સારો છોકરો છે હું તો કહું છું કે દીવો લઇને ઢુંઢશો તો પણ આવો વર નહિ મળે.

નવાબ—બેગમ સાહેબ! તમારી નજરમાં શમસુ સિવાય બીજો વર દેખાતોજ નથી પણ મને તો મારી ભણેલી ગણેલી આલમઆરા સાથે સમસુ નોકર તરીકે પણ રહેવા લાયક લાગતો નથી. શમસુની કાબેલયત હું જાણું છું અને મારી દીકરીની કાબેલિયતને પણ સારી પેઠે સમજું છું. આલમઆરા તો ભવિષ્યમાં કોઇ નવાબ કે અમીરનો મહેલ શોભાવે તેવી છે.

બેગમે જ્યારે નવાબને દીકરીની તરફેણમાં ઉતરેલા જોયા ત્યારે તેનો મીજાજ પણ હાથમાં રહયો નહિ તેથી મોહડું બગાડીને બોલી.

બેગમ—ખરૂં છે! હું અને મારા બધા પીયરીઆ નાલાયક છે અને તમે તથા તમારી દીકરી લાયક, આબરૂદાર, હુશીયાર, માટે તેનું લગ્ન તમારી ધ્યાનમાં આવે ત્યાં કરજો, શું આલમઆરાની સાથે શમશુના લગ્ન નહિ કરો તો શમસુને બીજી કન્યા મળશેજ નહિ?

નવાબ—બેગમ તમને શું થયું છે? કેમ દીકરીની પાછળ હાથ પગ ધોઇને પડયાં છો? આ દીકરી આપવાની વાત છે કાંઇ

ઢીંગલા ઢીંગલીનું લગ્ન કરવાનું નથી. તેથી મને જે વ્યાજબી લાગ્યું તે કહ્યું છે.

બેગમ—નહિ તમે દર વખતે આલમઆરાની બાબતમાં એવીજ રીતે કરો છો, તે દીવસે પેલા યુવાનની ચીઠી પકડીને તમને બતાવી ત્યારે પણ તમે એકે શબ્દ આલમઆરાને નહોતો કહ્યો. હમણા થોડા દીવસની વાત છે કે મારી ઇમામન દાસીએ પોતાની આંખે આલમઆરાને બગીચામાં તેજ યુવાન કે જેના હાથે ઇરાનીઓના જુલમથી આલમઆરા બચવા પામી હતી તેની સાથે બેસીને વાતો કરતી જોઇ છે માટે હવે તો ઘણું થયું. દીકરીને જરા કાબુમાં રાખો નહિ તો નક્કી સમજજો કે આબરૂના કાંકરા થએલાજ છે.

નવાબે જ્યારે બેગમના મુખથી આ વાત સાંભળી અને તેમાં ઇમામનની આંખે જોએલી વાત બેગમને કહેતાં જોઇ ત્યારે તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ પોતાની લાડકવાઇ દીકરી ઉપર મુકેલો આરોપ તે સાંભળી શક્યો નહિ, તેથી બેગમને બહુજ ગુસ્સાની સાથે કહ્યું.

નવાબ—બસ બેગમ બોલતાં અટકો, જરા બોલતાં પહેલાં વિચાર કરો કે હું કોના માટે કહું છું, જાવ અત્યારે મારી સામેથી દૂર થાઓ.

આટલું કહી નવાબ પગ પછાડી બેગમનો ઓરડો છોડી બહાર ચાલ્યા ગયા. એટલે નિચ ઇમામન જે સઘળું કહેતી હતી તે બેગમની પાસે આવી અને ખુશામતથી બેગમને પટાવી પુછવા લાગી.

ઇમામન—કહો બેગમ સાહેબ શું થયું ?

બેગમ—થાય શું મારૂં કપાળ ! એમને તો જેમ જેમ સમજાવું છું તેમ તેમ વધુને વધુ ચીડાતા જાય છે. મારે શું ? જાયને ચુલામાં ! પચીસ વરસ સુધી તો ગમે તેમ સુખે દુઃખે નભાવી લીધું પણ હવે તો એક ઘડીએ નભે તેમ લાગતું નથી.

ઇમામન—અને બેગમસાહેબ, નવાબસાહેબ તો મારી સુરતથીજ બેજાર થયેલાં લાગે છે.

બેગમ—હા ! તારૂં નામ આવતાંજ તેઓ વધારે ઉશ્કેરાઇ ગયા. કોણ જાણે તારે ને એમને શું બારમા ચંદ્રમાં ચાલે છે.

ઇમામન—(રડતો ચેહરો બનાવી) હાય ! હાય ! બેગમ સાહેબ એતો મારા નસીબનીજ વાત છે જ્યારે ને ત્યારે મને તો જશમાં જુતીઓજ મળે છે.

બેગમ—પણ ઇમામન હવે કાંઇ બીજી યુક્તિ કરવી જોઇએ.

ઇમામન—હા ! મારી સમજમાં પણ એમજ આવે છે હવે તો બીજી યુક્તિ કર્યા વિના છુટકો નથી જો આજે રાતે મને એક કલાકની રજા આપો તો હું કાંઇક બંદોબસ્ત કરી આવું.

બેગમ—ભલે જાને હું ક્યાં તને ના કહું છું.

આ સાંભળી ઇમામન આનંદ પામતી ઉઠીને બહાર આવી કામકાજમાં ગુંથાઇ રાતના આઠ વાગ્યાના અમલે કામકાજથી પરવારી

એક મોટી ચાદર ઓઢી મહેલની બહાર નીકળી અને ચાંદની ચોકની પુર્વે આવેલી ગલીમાં ગઇ અને ત્યાંથી ચારપાંચ ગલીઓ પસાર કરી એક સાંકડી ગલીમાં આવેલા ઘર પાસે ઉભી અને હળવેથી બારણા ખખડાવવા લાગી સાંકળ ખખડતી સાંભળી અંદરથી સાદ આવ્યો.

અંદરથી—કોણ છે ?

ઇમામન—(પોતાનો સાદ બદલીને) એ તો હું છું જરા બહાર આવજે.

થોડીવારમાં અંદરથી બારણું ઉઘડ્યું અને એક સાઠ વરસની ડોસીએ માથું બહાર કાઢી પુછ્યું.

ડોસી—કોણ છે ?

ઇમામન—એતો હું ઇમામન છું. ઘરમાં બીજું કોઇ છે ?

ડોસી— ના કોઇ નથી.

આ સાંભળી ઇમામન ઘરમાં ગઇ અને એક તુટેલા ખાટલા પર જઇને બેઠી, ત્યારે ડોસીએ કહ્યું.

ડોસી—અરે દીકરી તારા માટે તો લોકો ફેરા ખાય છે અને મારા ઘરની ધુળવટીક ચાટી ખાય છે પણ તું તો જાણે બીજના ચંદ્રની પેઠે ન થઇ ગઇ હોય! લોકો મારો જીવ ખાય અને તું ન આવે એ કંઇ સારૂં ન કહેવાય વળી તને બોલાવા પણ આવી શકાય નહિ.

ઇમામન—કાકી, એમ શું કરવાને કહો છો ! હું ચોથે પાંચમે દહાડે તો ફેરો ખાઇ જાઉં છું પણ શું કરૂં પારકી તાબેદાર છું નહિ તો પડીફુંપથારી તમારે ત્યાંજ રહું.

ડોસી—ભલે રહેને દીકરી તારા માટે તો લોકો મારો કેડો એ મુકતા નથી.

ઇમામન—હું એજ વિચારમાં છું પણ કાકી, બીજીઓ શું નથી આવતી ?

ડોસી—એક ફક્ત મણી ને કાશી આવે છે અને બીજીઓમાંની તો કોઇ બહારગામ છે અને કેટલીક સાસરે ગએલી છે.

ઇમામન—મણી ને કાશી ક્યારે આવે છે ?

ડોસી—દરરોજ તો સાંજની વખતે આવતી હતી પણ આજે તો બપોરના બે વાગેથી આવી હતી તે છેક અત્યારે ગઇ પેલા બખેંડુ અને જમાલ ઉપર હમણાં બહુજ રીઝાયલીઓ લાગે છે.

ઇમામન—ઠીક ! પણ કાકી હાશમ નથી આવતો કે શું ?

ડોસી—અરે એ તો દરરોજ આવે છે અને તારા માટે ફરે છે કાલે તો રાતના બાર વાગ્યા સુધી તારી વાટ જોઇને બેઠો હતો.

ઇમામન—બિચારો બહુ ભલો છે, કાકી આનું ઘર ક્યાં છે?

ડોસી—શું અત્યારે મુલાકાત લેવી છે ? બોલાવી લાઉં ?

ઇમામન—હા ! બોલાવી લાવો તો મહેરબાની.

આ સાંભળી ડોસી હાથમાં લાકડી લઇ બહારથી ઘર વાસી હાશમને બોલાવવા ગઇ અને આ તરફ ઇમામને પાનદાનમાંથી ચાર પાંચ પાનનાં બીડાં બનાવીને રાખ્યા થોડીજ વાર થઇ હશે ને ઘરનું બારણું ઉઘડયું અને તેમાંથી એક ઉંચા કદનો જાડો પુરૂષ ઘરમાં દાખલ થયો ઇમામન આ આવનાર માણસને જોતાંજ ખુશીના આવેશમાં આવી ઉભી થઇ ગઇ અને તેના હાથને પકડી પોતાની પાસે બેસાડતાં બોલી.

ઇમામન—કેમ તબીયત કેવી છે, હાશમ ?

હાશમ—શું કહું કે કેવી ! ઠીક છે, તારી જુદાઇમાં જે દહાડા ગુજરે છે તે મુસીબતથી ભરપુર અને દીલને દુઃખ આપનારાજ છે.

ઇમામન—પ્રિય ! શું કરૂં પારકી તાબેદાર છું નહિ તો શું અને પણ તમારી જુદાઇમાં ચેન પડતું હશે ?

વાંચકો ! આ હાશમ પ્રથમ એક ખાનદાની જાગીરદાર હતો પણ ખરાબ મિત્રોની સંગતમાં પડી બહુજ ગરીબ સ્થીતિએ પહોંચ્યો છે જ્યાં સુધી પૈસા હતા ત્યાં સુધી તો અમનચેનમાં દીવસો પસાર કર્યા પણ જ્યારે પૈસા ખુટી ગયા ત્યારે તે પણ બદમાશોની ટોળીના એક મેમ્બરમાં જોડાઇ ગયો અત્યારે તે પોતાના ઘરમાં બેઠો હતો એટલામાં ડોસીએ ઇમામનનો સંદેશો કહયો જે સાંભળી બહુજ ખુશ થતો ડોસીના ઘર તરફ આવ્યો. રસ્તામાંથી થોડીક મીઠાઇ ખરીદી હતી તે અત્યારે તેણે ઇમામનની આગળ મુકી ઇમામને

થોડીક મીઠાઇ પોતાના હાથે હાશમને ખવરાવી હાશમે ઇમામનના હાથથી મીઠાઇ ખાધામાં પોતે બહુ મોહદ્દું ભાગ્ય સમજ્યો. બન્ને જણાઓએ મીઠાઇ ખાઇ વધેલી મીઠાઇ ડોસીને આપી મીઠાઇ ખાધા બાદ ઇમામને નખરાંથી પાનનું બીડું હાશમને આપતાં કહ્યું.

ઇમામન—વ્હાલા હાશમ, અત્યારે હું એક જરૂરી કામસર તમારી પાસે આવી છું.

હાશમ—(આતુરતાથી) કહે શું કામ છે?

ઇમામન—આજકાલ તો તમારી બહાદુરીની ધુમ આખી દીલ્લીમાં મચી રહી છે.

હાશમ—અમારા જેવાઓની બહાદુરી શાની! લોકોએ વગર ભેવ દેવે નકામા બદનામ કરી મુકયા છે નહિ તો અમે તો એક બદમાશ માણસ છીએ તેથી બદમાશીની ધુમ મચી રહી હશે.

ઇમામન—તમોને બદમાશ કોણ કહે? તમે તો એક ગૃહસ્થ અને ખાનદાન છો.

હાશમ-ખાનદાન થયા તેમાં શું રંધાયું! હવે તો બદમાશોની સંગતમાં રહી બદમાશ બની ગયા છીએ. હશે એ વાત જવા દે હવે એ વાત કહે કે તારે શું કામ છે?

ઇમામન—એક બહુજ રૂપવંતી અમીરઝાદી છે અગર તમે થોડીક હીમ્મત કરો અને ચાહતા હોવ તો હું તમારા સાથે તેને કરી દઉં.

હાશમ—(ગભરાઇને) શું તે નવાબસાહેબની દીકરી તો નહિ કે જેને ત્યાં તું રહે છે ?

ઇમામન—ગમે તે છે તમારે તેની શી જરૂર !

હાશમ—(જરા વિચાર કરીને) ઇમામન આ કામ તો બહાદુરીનું નથી પણ ખરેખરૂં પુછે તો બદમાશીનું છે. એક ખાનદાન છોકરીની આબરૂ લેવી અને તેનું હરણ કરવું હું તો કોઇપણ રીતે યોગ્ય ધારતો નથી.

ઇમામન—પણ તમારે તો આ કામ કરવું પડશે.

હાશમ—હું બદમાશ છું પણ સાથે મારૂં ખાનદાની લોહી, નાબુદ નહિ થએલું હોવાથી આ કામ તો નહિ કરૂં, એક પવિત્ર બાળાને અપવિત્ર કરવા માટે હું બીલકુલ તૈયાર નથી. આ કામ માટે હું કોઇ દીવસ પણ હા નહિ કહું માટે ઇમામન આ વાત જવાદે બીજી કોઇ વાત કહેવી હોય તો કહે.

ઇમામન—(ગળે વળગી પડીને) પણ વહાલા હાશમ એ છોકરીનું હરણ થયે મને મોહટો ફાયદો થશે.

હાશમ—(નરમ પડીને) જો તને ફાયદો થતો હશે તો હું એ કામ કરવા માટે તઇયાર છું પણ.........

ઇમામન—પણ બણ કરતા નહીં ફક્ત મને તમે હા કહીને વચન આપો.

હાશમ—ઠીક ત્યારે જા હું વચન આપું છું.

તે પછી આ બંને જણાએ ગુપચુપ કેટલીક વાતો કરી અગીઆર વાગી ગયાથી હાશમને રજા માગી, જતી વખતે એક રૂપીઓ ડોસીને આપ્યો, અને હાશમને આ કહેતી વિદાય થઇ કે રાતની વખતે હું કોઇ બહાનાથી આલમઆરાને બાગમાં બોલાવી લાવીશ એટલે તમે તેને પકડીને ચાલ્યા જજો, પણ નક્કી દીવસ હું તમને કહી જઇશ.

પ્રકરણ ૭૮ મું.

જાણી પુત્રની બહાદુરી અને પ્રેમની વાત
જોડી દેવા લગ્નથી ઇચ્છે મનમાં તાત

નવાબ અનીસુલમુલ્ક બહાદુર દીલ્હી શહેરના પુરાણા અમીરોમાંના એક હોવા ઉપરાંત સરકાર દરબારમાં મોહટો માન મરતબો ધરાવતા હતા તેઓની વય જો કે સાઠ વરસ ઉપરની હતી પણ બહાદુરીમાં એક ખાસ ઉત્સાહી જુવાનની પેઠે ઉમંગી જણાતા હતા. વૃદ્ધ અવસ્થાના સબબે સરકારી દરબારી કામમાં વધુ ધ્યાન ન દેતા હતા. તો પણ પ્રસંગ પડયે પોતાનો મત દર્શાવવાને લગારે પાછી પાની કરતા ન હતા. તેઓને સંતાનમાં માત્ર આપણી વાર્તાનો નાયક જહાંકદરજ હતો. જેને તેઓ તથા તેમનાં બેગમસાહેબ હદથી વધારે ચાહતાં હતાં. નવાબસાહેબને દીલ્હીના સરવે નાહના મોહટા પીછાણતા હતા અને સરવે એકે અવાજે નવાબસાહેબ માટે પ્રશંસાનાજ શબ્દો બોલતા હતા. નવાબસાહેબ દરરોજ રાત્રે પોતાના બગીચામાં જુના પુરાણા મિત્રો સાથે બેશી એક બે કલાક વાતો કરતા હતા. અને શહેરમાં શું શું ચર્ચાઓ ચાલી રહી છે તે સાંભળી વાદવિવાદ ચલાવતા હતા. તેઓની પાસે બેસનારા અને મિત્રતાનો દમ ભરનારા માણસો પણ અમીરો અને રઈસોનીજ પંક્તીના હતા.

અત્યારે રાતના આઠ વાગ્યા છે, નવાબસાહેબ પોતાના બગીચામાં બનાવેલી ખાસ બેઠક ઉપર શેતરંજી પાથરી બેઠા છે. દીલ્લીશાહી હુકો ભરીને મુકયો છે. અને આસપાસ ચાર પાંચ માણુસો બેઠેલાં છે. તેઓની વય પણ નવાબસાહેબ જેટલી કે તેથી થોડી ઘણી વધારે ઓછી જણાય છે. ચાંદનીના પ્રકાશથી ઝગઝગાટ થઇ રહેલો હોવાથી લેમ્પ કે દીવો મુકયો નથી. ચાંદનીના સબબે અને મહેલની બહાર લગાવેલા લેમ્પના સબબે અજવાળાની જરૂરત પણ નહોતી. નવાબસાહેબ પોતાના મિત્રોને ઘણીજ માનની નજરથી જુએ છે તેમજ તેમના મિત્રો પણ વખત આવે પોતાને ખરા મિત્રો સાબિત કરી આપવાની હોંશ ધરાવે છે, મજકુર નવાબસાહેબનું મિત્ર મંડળ બેસીને વાતો કરી રહયું છે તેવામાં તેમના એક મિત્ર પધાર્યા, નવાબ સાહેબે તેમને આવકાર આપતાં કહ્યું.

અનીસુલમુલ્ક—આવો હબીરમીરઝાં ? આપનીજ વાટ જોવાતી હતી કહો આજે કેમ વાર થઇ ?

હબીરમીરઝાં—(આવેલા માણુસ) નવાબસાહેબ ! જરા ઘરમાં તબીયત સીક હતી તેથી વાર થઇ ગઇ.

અનીસુલમુલ્ક—કહો અત્યારે કેમ છે ?

હબીરમીરઝાં—આપની દોઆથી અને ખુદાના ફજલથી તબીયત સારી છે કાંઇ ચિંતા જેવું નથી.

પાંચ મીનીટ સુધી ચુપકીદી પથરાયા પછી શરીફદૌલા નામના મિત્રે ચુપકીદી તોડતાં કહયું.

રફીઉદ્દૌલા—અફસોસ ! નાદીરશાહે પણ કેવા વખતમાં આવીને હુમલો કીધો કે જે વખતે સર્વે જુના નીમકહલાલ નોકરો કમરવાસ થવાની તૈયારીમાં હતા અને માત્ર જવાનીઆઓનોજ દોર જામી રહેલો હતો !

અનીસુલમુલ્ક—આહ તમે પણ અત્યારે ક્યાં એ ઉમરને દુઃખ આપનારી વાત કાઢી ! અત્યારે પાંચ મિત્રો મળી ખુશીની વાતો કરતા હતા ત્યાં તમે રૂઝી ગયેલા જખમમાં મીઠું રેડ્યું. અફસોસ ! જવાનીઆઓની બેપરવાઈથી તો દિલ્હીના અમીરોનું નાક કપાઇ ગયું નાદિરશાહે દીલ્હીમાં આવી અમોને જે દાગ વૃદ્ધ અવસ્થાએ દીધો છે તે મરતાં સુધી ભુલાય તેવો નથી.

દીલાવરમીરઝાં—(અનીસુલમુલ્કને) પણ નવાબ સાહેબ ખરૂં પુછો તો દીલ્હીને બદનામીના ખાડામાં ધકેલી પાડનાર અને ખરા અમીરોનું નાક કપાવનાર આ બાડસુંજે સઆદત..............

અનીસુલમુલ્ક—(દીલાવરમીરઝાંને બોલતાં અટકાવીને) અરે ! અરે ! નવાબ સઆદતખાન બહાદૂર માટે આવા શબ્દો ? સાંભળો ! તમે આખી દુન્યામાં દીવો લઇને હુંઢશો તો પણ નવાબ સાહેબ જેવો રાજ્ય કારોબારમાં હુશીયાર, ચાલાક, પોલીટીકલ ચાલોની પુરી માહેતી ધરાવનાર માણસ મુશકેલથી મળશે. નવાબ સાહેબનો મુળ હેતુ અને અસલ મતલબ તો બેવકુફ બાદશાહને ખરાબ મિત્રોથી દુર રાખવાનો હતો અને રાજ્યમાં જે ગરબડ ગોટા ઉઠી રહ્યા છે તે બધાને શાન્ત પાડવાનો હતો પણ બેવકુફ બાદશાહે એવા નીમકહલાલ સુબેદારની ભર દરબારમાં એક ખુશામદીઆની

પાસે પાઘડી ઉતરાવી, અને મશ્કરી કરાવી. આવી નિચ રમુજથી બંગા દેશના સુબેદારના મનમાં મોટી અસર થઇ અને ક્રોધાવેશમાં આવી નાદિરશાહને પત્ર લખી દીધો કે તમે હિંદુસ્તાનમાં આવો હું હિંદુસ્તાનનું રાજ્ય બહુજ સહેલ રીતે અપાવી દઇશ. હવે આપણે વિચારવાનું છે કે નવાબ સઆદતખાને ગુસ્સામાં આવીને નાદિરશાહને બોલાવ્યો તો તે સ્વભાવિક હતું કે નહિ ! મારી મરજી જો પુછતા હોવ તો નવાબ સાહેબે નાદિરશાહને બોલાવ્યો તે બહુજ સારૂં કર્યું. મને આશા છે કે તમે બધા પણ અને જેઓ ઇન્સાફને ચાહતા હશે તે બધા મારા મતનેજ મળતા હશે. નવાબ સઆદતખાનની જગ્યાએ જો આપણામાંનો કોઇ હોત તો તે પણ મારા ધારવા પ્રમાણે મારા મતનેજ મળતો થાત. નાદિરશાહને જ્યારે નવાબ સાહેબનો કાગળ મળ્યો ત્યારે તરતજ ચઢી આવ્યો અને તેણે દીલ્લીમાં આવીને કતલનો હુકમ આપી દીધો. જ્યારે હિંદીઓનો ઇરાનીઓએ દાટ વાળવા માંડયો ત્યારે નવાબ સઆદતખાને કેવી રીતે યુકિત કરીને ઇરાન પાછો ફેરવ્યો ! જો કદાચ તે વખતે સઆદતખાન બહાદુર ન હોત તો મુગલ શહેનશાહતનો અંત આવીજ ચુક્યો હતો.

મીરઝાંદબીર—આપનું ફરમાવવું તદન વ્યાજબી છે.

અમીરમીરઝાં—(હોકાનો દમ ખેંચતા) બરોબર છે આપ કહો છો તેમાં લગારે શક કે સદેહ નથી.

રફીઉદદોલા—આપની વાતને હું પણ ટેકો આપું છું જો કે આસુફજાહ બહાદુર પણ બહુજ હુશીઆર અને ચાલાક છે પરંતુ નવાબ સઆદતખાનને તો ન પોંહચે.

અનીસુલમુલ્ક—આસુરજાહ માટે પણ મને તો માન છે પણ જે વાત સઆદતખાનમાં છે તે તેમનામાં નથી.

દીલાવરમીરઝાં—નવાબ સાહેબ! કતલનો દીવસ પણ ઇતીહાસોના પાનામાં કાળા શબ્દોથી લખાએલો હજારો વરસ સુધી કાયમ રહેસે.

અનીસુલમુલ્ક—હાય! તે કતલના દીવસનું તો નામજ મુકો હું તો તે દીવસે એજ વિચાર કરીને બહાર બેઠો હતો કે આવા બદનામીના જીવ્યા કરતાં ઇરાનીઓના હાથે કતલ થવું હજાર દરજ્જે બહેતર છે.

મીરઝાંદબીર—આપ સાહેબ તો હિમ્મત અને બહાદુરી સાથે શહેરની બહાર નીકળીને બેઠા હતા પરંતુ અમારા મહોલ્લાવાળા નવાબ ફરહતુદદોલા બહાદુર તો પોતાની બેગમને સાથે લઇ મહેલમાં પોતાની એકની એક જુવાન દીકરીને મુકી શહેર બહાર નહાસી ગયા હતા.

અનીસુલમુલ્ક—શું! જુવાન દીકરીને મહેલમાં મુકીને નહાસી ગયા હતા!

મીરઝાંદબીર—જી હા! પણ દીકરીએ બહુ બહાદુર!

દીલાવરમીરઝાં—(યાદ આવી જવાથી) હા! હા! બરાબર છે મને પણ યાદ પડે છે કે તે બહાદુર યુવતીને બે ઇરાની સીપાઇઓના હાથથી એક યુવાન બહાદુર સીપાઇએ બચાવીને ભાગી ગયો હતો.

મીરઝાંહબીર—(મુખમાં હસીને) ખરી વાત છે પણ તમને ખબર છે કે તે જુવાન બહાદુર સીપાઈનું નામ શું છે?

દીલાવરમીરઝાં—ના, નામની તો ખબર નથી પણ એટલું જાણું છું કે તે અહિના કોઈ અમીરોમાંનોજ હતો. તેણે જે બે ઇરાનીઓના મુકાબલામાં બહાદુરી દેખાડી હતી તેની પ્રશંસા બધા લોકો કરે છે પણ તેઓ એ નામ જાણતા નથી.

મીરઝાંહબીર—જો તમારે જાણવું હોય તો હું બતાવું.

દીલાવરમીરઝાં—હા જરૂર બતાવો.

મીરઝાંહબીર—એ બહાદુર જુવાન બીજો કોઈજ નહિ પણ આપણા જહાંકદર!

અમીરુલમુલ્ક—(ચોંકીને) કોણ મ્હારો જહાંકદર?

મીરઝાંહબીર—જી હા! આપનાજ જહાંકદર!

અમીરુલમુલ્ક—પણ તે દીવસે એ ત્યાં કેવી રીતે પહોંચી ગયો?

મીરઝાંહબીર—કતલના દીવસે જહાંકદર હાથમાં નાગી તલવાર લઈને એવો વિચાર કરી નીકળ્યા હતા કે નાદિરશાહની રૂબરૂ જઈ કહેવું જોઈએ કે "ગરીબ પ્રજાએ તમારૂં શું બગાડ્યું છે કે તમે તે ઉપર જુલમ ગુજારો છો? અગર પુરા બહાદુર હોવ તો આવી જાઓ મારી સાથે યુદ્ધ કરો!" પરંતુ રસ્તામાંજ નવાબ આસફજાહ મળી ગયા અને તેઓએ જહાંકદરના વિચારથી જાણીતા

થઇ તેઓને જુમામસીદ જતાં અટકાવીને પાછા વાળ્યા. જહાંકદરે પાછા ફરતી વખતે ફરહતુદદોલાના મકાનમાંથી આલમઆરાની આવેલી ચીચીઆરી સાંભળી તેથી તરતજ તેઓ તે તરફ ગયા અને ત્યાં બે હરાની સીપાઇઓની સાથે બહુજ બહાદુરીથી લઢી તેઓને કતલ કેરા, આલમઆરાને તેમનાથી મુકત કરાવી. હવે તે દિવસથી આલમઆરાતો જહાંકદર જહાંકદરજ જપી રહી છે.

અનીસુલમુલ્ક—જહાંકદર જહાંકદર, જપવાની મતલબ ?

મીરઝાંહબીર—મતલબ એ કે આલમઆરા જહાંકદર પર મોહિત થઇ છે પણ બીચારી શરમવાળી હોવાથી કાંઇ બોલી શકતી નથી.

અનીસુલમુલ્ક—અને જહાંકદર તેના પ્રત્યે કેવી લાગણી ધરાવે છે ?

મીરઝાંહબીર—તેઓ પણ પુરા પ્યારની નજરથી જુએછે અને ખરા જીગરથી ચાહે છે. હમણાં થોડાજ દીવસ ઉપર મારા સાંભળવામાં આવ્યું હતું કે એક દીવસ જહાંકદર રાતની વખતે બાગમાં આલમઆરાની મુલાકાતે ગયા હતા જ્યાં બંને જણાઓએ બહુ વાર સુધી વાતો કરી હતી.

અનીસુલમુલ્ક—(પાંચેક મીનીટ વિચાર કરીને) જો કદાપી એમજ છે અને તેઓ એક બીજાને ચાહે છે તો બંનેને લગ્ન ગાંઠથી જોડી દેવાં જોઇએ. નવાબ ફરહતુદદોલા કાંઇ અમારાથી ઉતરે તેવા નથી.

મીરઝાંકબીર—પણ આલમઆરાની મા પોતાની પુત્રીની બહુજ કટ્ટી દુશ્મન છે.

અનીસુલમુલ્ક—શું! મા, દીકરીની દુશ્મન?

મીરઝાંકબીર—જી હા! બહુજ અજબ જેવી વાત છે બેગમ પોતે બહુ બેવકુફ છે એક દાસીના ફંદામાં ફસીને દીકરીની દુશ્મન બની ગઇ છે, તે દાસી જેમ સમજાવે છે તેમ તે દીકરી પર જુલમ ગુજારે છે.

અનીસુલમુલ્ક—દીકરી પર હવે ક્યાં સુધી જુલમ કરશે, હવે તે લગ્ને લાયક થઇ ગઇ છે તેથી થોડા દીવસનીજ મેહમાન સમજવી.

મીરઝાંકબીર—જી હા, હવે તો માત્ર થોડાજ દીવસ બાકી છે.

અનીસુલમુલ્ક—પણ મીરઝાંસાહેબ આ વાત જરા ધ્યાનમાં રાખજો હું ઘરમાં પુછીને કહું તો ફરી તમે વાત છેડો અને ચોકડું બેસાડી આપો.

જે વખતે ઉપરની વાતચીત નવાબ અનીસુલમુલ્કના બગીચામાં થઇ રહી હતી તે વખતે નવાબ ફરહતુદદોલાના બગીચામાં પણ નીચ પ્રેમાજન બદમાશ હાશમને કહી રહી હતી કે:—

પ્રેમાજન—જુઓ હાશમ બરાબર એક વાગે આવજો.

હાશમ—પણ મારી સાથે બીજા મારા બે દોસ્તીઓને આવશે.

ઇમામન—જરૂર લાવજો ! એમની પણ જરૂરત પડશે.

હાશમ—ઠીક ત્યારે જાઉં છું.

હાશમ આટલું કહીને બગીચાની દીવાલ કુદાવી ચાલતો થયો ઇમામને જ્યારે હાશમને દીવાલ કુદાવી ગએલો જાણ્યો ત્યારે તે પણ મહેલમાં આવી અને સીધી આલમઆરાની રૂમમાં ગઇ જ્યાં આલમ-આરા વિચારોમાં લિન બનેલી પલંગ ઉપર બેઠેલી હતી. ઇમામન આલમઆરાના પગ પાસે જઇને બેસી ગઇ અને કહેવા લાગી.

ઇમામન—નાહના બેગમસાહેબ ! શું આપ મારાથી હમેશા રીસાયલાજ રહેશો ?

આલમઆરા—(હેરતથી) ઇમામન ! આજે આ સવાલ પુછવાનું કારણ ?

ઇમામન—કારણ તો કંઇ નહિ પણ સાચું કહો કે આપ મારાથી બોલશો કે નહિ ?

આલમઆરા—હું શું કરવાને કોઇથી વગર લેવે દેવે રીસાયલી રહું કે રીસાઉં !

ઇમામન—આપ મારાથી રીસાયલા હશો તો હું આપની માફી માંગીશ કેમકે હું આપની અદના લોંડી છું અને વળી આપના સઘળા ભેદોથી જાણીતી છું. જે દહાડે આપ જહાંકદરથી મળવા હતા તે દહાડે હું આપની પછવાડેજ ઉભેલી હતી અને આપ બંને

જણુઓએ જે વાતો કરી તે બધી સાંભળી હતી. અત્યારે પણ હું જહાંકદરથીજ મળીને આવું છું.

બિચારી ભોળી આલમઆરા પોતાના પ્રેમીનું નામ "અત્યારે પણ હું જહાંકદરથીજ મળીને આવું છું" એ સાંભળીને ધુચ્ચા ધમાગનના ફંદામાં ફસી પડી ગદગદીત કંઠે પુછવા લાગી.

આલમઆરા—શું ધમાગન તું સાચું બોલે છે ?

ધમાગન—મારી જાન ને આંખોની કસમ હું હમણાંજ મળીને આવું છું.

આલમઆરા—તેઓએ તને કેવી રીતે ઓળખી ?

ધમાગન—હું અત્યારે બાગમાં ગઇ હતી ત્યારે દરવાજાની પાસે તેઓ આમતેમ ફેરા ખાતા હતા. જ્યારે હું તેઓની પાસે થઇને નીકળી તો તેઓએ મને પુછ્યું કે શું તમે મહેલમાં રહો છો ? મેં કહ્યું હા ! ત્યારે તેઓએ ઘણીજ આજીજી અને નરમાશથી દયા આવી જાય એવી તરેહથી કહ્યું કે તમે મહેલમાં જાવ ત્યારે આલમઆરાને કહેજો કે જહાંકદર તમારા વિયોગમાં મરે છે માટે ગમે તેમ કરીને આજે બાગમાં મળજો નહિ તો તે નક્કી આજે મરી જશે.

આલમઆરા—(ગદગદિત કંઠે) કેટલા વાગે ?

ધમાગન—આશરે રાતે દોઢ વાગે.

આ સાંભળી આલમઆરા ચુપ થઇ ગઇ અને ઇમામન તેની પાસેથી ઉઠી અજમતખાનમની પાસે ગઇ અને પોતે જે જાળ પાથરી તેની સર્વ હકીકત કહી. પેલી તરફ કાશમ ઇમામનની પાસેથી વિદાય થઇ સીધો ગીરધારીને ઘેર ગયો અને તેને મળી સર્વે હકીકત કહી રાત્રે એક વાગે મળવાનું વચન લઇ સીધો બનુ નામના બદમાશને ત્યાં ગયો અને તેને પણ રાત્રે એક વાગે મળવાનું કહી સીધો પેલી ડોસીને ઘેર ગયો જ્યાં ઇમામનથી તે મળ્યો હતો આ ડોસીનું ઘર બાદમાશોની ટોળી અને કાળા કર્ત્તવ્યની ખાણ સમાન હતું.

પ્રકરણ સાતમું.

બુરૂં ચાહે બીજા તણું બુરૂં પોતાનું થાય
ખાડો ખોદે તે પડે કહેવત સત્ય જણાય

તેજ રાત્રીના સાડાબારનો અમલ થયો કે જે રાત્રીનો વાયદો ઇમામને હાશમને આપેલો છે. આ વખતે જહાંકદર પોતાની રૂમમાં પલંગ પર પડયો પડયો પ્રીયાની યાદમાં બેચેન બની રહયો છે, એમતો દરરોજ જહાંકદર પ્રિયાની યાદમાંજ રહેતો હતો અને એક ઘડી પણ પ્રિયાની યાદને જીગરમાંથી ખસેડતો નહોતો પણ કોણ જાણે અત્યારે તે પ્રિયાની યાદમાં એટલો બધો બેચેન બની રહયો છે કે કોઇપણ રીતે ચેન પડતું નથી. નિંદ્રાને માટે તેણે લાખ ફાંફાં માર્યાં અને સેંકડો પાસાં બદલ્યાં પણ નિંદ્રા તેની પાસે વટિક પણ ફરકી નહિ તેથી છેવટે લાચારીએ તે પલંગ પરથી ઉઠયો અને લુગડાં પેહરી ઘર બહાર નીકળ્યો જહાંકદરના જીગરમાં અત્યારે એક જુદીજ જાતના દર્દે વાસો કીધો હતો જો કે પ્રેમમાં પડયા પછી તે દર્દીજ બનેલો રહેતો હતો પણ અત્યારનું દર્દ એવું ના માલુમ હતું કે તે પોતે પણ તેને પારખી શકયો નહિ તેથી છેવટે પ્રિયાના દર્શનની આશામાં નહિ પણ પ્રિયાના બાગના દર્શનની આશામાં તે બગીચાની પાસે પહોંચ્યો. બગીચાની બહારથી મહેલની બારી જોઇ

તેણે નિશ્વાસ નાખ્યો અને મનમાં વિચાર કર્યો કે મારી પ્રેમમુર્તી કોઇ કોઇ વખતે આ બારીમાં આવીને ઉભી રહેતી હશે હજુ તે એવાજ વિચારોમાં લિન થવાની તૈયારીમાં હતો કે કોઇએ દૂરથી તેને કહ્યું "આ તરફ ઝાડની આડમાં આવો" આ સાંભળી જેહાંકદર ચોંકયો આવેલા સાદને કોઇ વેળા સાંભળેલો છે એમ મનમાં કહી તે તે તરફ ગયો તો કરીમ ખુદાને ઉભેલો જોયો તેથી બહુજ અધીરાઇથી પુછયું

જહાંકદર—કાકા, અત્યારે તમે અહિં કેમ આવ્યા ?

કરીમ—નિચ ઇમામને એક હાશમ નામના બદમાસની સાથે એવી સંતલંશ કરેલી છે કે રાતના એક વાગે બગીચામાં આવી આલમઆરાને ઉપાડી જવી તેથી હું અત્યારે આલમઆરાના માટે આવ્યો છું.

જહાંકદર—તો શું તે બદમાશ અત્યારે આવશે ?

કરીમ—હા તે આવનાર છે, વળી તે બદમાશે મારા બે ચેલાઓને પણ સાધ્યા છે તેથી તેમને પણ સાથે લઇને આવશે પરંતુ મેં મારા ચેલાઓને કહી દીધું છે કે જે વખતે ઇમામન આલમઆરાને પકડવા માટે લઇને આવે તે વખતે તમે આલમ-આરાને ન પકડતાં ઇમામનનેજ પકડી લેજો.

જહાંકદર—અહા ! કાકા તમારો કેટલો બધો ઉપકાર !

કરીમ—સાહેબ આ વખત ઉપકાર માનવાનો નથી પરંતુ સંતાઇને તે લુચ્ચીની બદમાશી જોવાની છે, માટે ચાલો

આપણે સંતાઈ જઈએ હવે તે બદમાશોને આવવાનો વખત થઈ ગયો છે.

આટલું કહી કરીમ જહાંકદરને લઈને બગીચાની બહાર આવેલી ઝાડોની ઘટામાં સંતાઈ ગયો, થોડીજ વાર ગુજરી હશે કે બદમાશ હાશમ ગીરધારી અને બનુને લઈને બગીચાની પાસે આવ્યો અને બગીચાની દીવાલ કુદાવી બગીચામાં ગયો જ્યાં ઈમામન આલમ-આરાને લઈને બેઠી હતી જ્યારે તેણીએ હાશમ અને બીજા બે બદમાશોને જોયા ત્યારે મનમાં વિચાર કરવા લાગી કે જેવો હાશમ મારી પાસે આવે કે તરતજ આલમઆરાનો હાથ તેને પકડાવી દઉં આલમઆરાએ જ્યારે ત્રણ બદમાશોને પોતાની તરફ આવતા જોયા ત્યારે તે ઘણીજ ગાભરી બની ગઈ અને ઇમામનના ચહેરા તરફ જોવા લાગી તો તેણીને ખુશી થએલી જોઈ સમજી ગઈ કે જરૂર આ લુચ્ચીએ કોઈ પ્રપંચ રચેલો છે. હજુ તે આ વીચારમાંજ હતી કે હાશમ અને બદમાશોને પોતાની પાસે ઉભેલા જોયા. ઇમામને લાગ બરોબર આવેલો જોઈ આલમઆરાનો હાથ પકડયો અને જેવી હાશમના હાથમાં આપવા જતી હતી કે પાછળથી કરીમ અને જહાંકદર બન્ને બગીચાની દિવાલ કુદાવીને અંદર આવ્યા, અને પછવાડેથી હાશમને ગળામાંથી પકડી દુર હટાવી દીધો. અને બનુના હાથમાં હાશમને સોંપી ઇમામનને પકડી લીધી, આલમઆરાએ જ્યારે જહાંકદરને આવેલો જોયો ત્યારે તે એકદમ ગભરાઈને તેના ખોળામાં ભરાઈ ગઈ. જહાંકદરે આલમઆરાને સધીયારો આપ્યો અને કરીમખાનના મુખ સામે જોયું કરીમખાને ઈમામનનો હાથ ગીરધારીના હાથમાં આપી હાશમને ધીક્કારતાં કહ્યું.

કરીમ—તારા જેવા ખાનદાન બદમાશને એક આબરૂદાર બાળાની આબરૂ લેવા તત્પર થયેલો જોઇ હું ઘણોજ દીલગીર થાઉં છું.

હાશમ—કરીમકાકા ! માફ કરો મને તો આ નીમકહરામને ભરમાવ્યો હતો.

કરીમ—(છમામનને) ધીઃકાર છે લુચ્ચી ! તારા જેવી કુલટા પાપીણી કે જે પોતાની માલેકથી નીમકહરામ બની દુઃખ આપનારી થઇ.

ગીરધારી—કાકા, આ રાંડ તો બહુજ હરામખોર છે.

બનુ—તો શું આ લુચ્ચી નાહના બેગમસાહેબની દાસી છે?

કરીમ—નહી તો શું બેગમ ?! અરે આને તો દુકાળના વખતમાં નાંહના બેગમ સાહેબની માએ વેચાતી લીધી હતી. અને પાળી પોષી મોહટી કરી પોતાના સાથે સાસરામાં લાવ્યાં અહીં આવી આ લુચ્ચીએ બેગમસાહેબને પોતાના તાબામાં કરી લીધાં અને પછી સઘળા નીમકહલાલ નોકરોને રજાઓ અપાવી. અને છેવટમાં મા દીકરીમાં જુદાઇ કરાવી, અને દીકરીને સદાને માટે જુદી પાડવા ચાહતી હતી. તેમાં તે ફાવી શકી નથી. ખરૂં છે "જેને રામ રાખે તેને કોણ ચાખે !"

બનુ—ત્યારે તો આ લુચ્ચી બહુ મોહટી બદમાશ જણાય છે.

ગીરધારી—અરે સો બદમાશોમાંની એક બદમાશ છે. કહો કાકા હવે આના માટે શું હુકમ છે?

કરીમખાન—હાલ તરત તો ઇમામનને આપણે ઘેર જઇને કોટડીમાં પુરી બંધ કરી દયો. પછી સવારે આનો ન્યાય કરીશું. કહે હવે હાશમ તારા માટે શું શિક્ષા થવી જોઇએ છે?

હાશમ—કાકા, તમે જે શિક્ષા કરો તે મારા માટે ઓછી છે.

ગીરધારી—હાશમ પસ્તાવો કરે છે માટે તેને હાલ તો માફ કરી દેવું જોઇએ.

કરીમ—હાશમ, જા ગીરધારીની શીપારસથી અને તારા ખાનદાનીના લીધે માફ કરૂં છું. પણ હવેથી આવું કામ કર્યા પહેલા વિચાર કરજે.

હાશમ—કાકા હવે મરતાં સુધી આવું કામ નહી કરૂં.

કરીમ—જાઓ ત્યારે તમે સઘળા ઘેર જઇને બેસો હું હમણાં આવું છું.

આ સાંભળી ઇમામનને લઇ સઘળા જણ બાગમાંથી ચાલતા થયા, તે પછી જહાંકદર આલમઆરાનો હાથ પકડી બેંચપર બેઠો અને કરીમખાનને કહેવા લાગ્યો.

જહાંકદર—કાકા, તમારો જેટલો આભાર માનું તેટલો થોડો છે.

આલમઆરા—બાબા કરીમખાન તમે મને જીવતદાન આપ્યું તેનો હું કોઇ પણ રીતે બદલો વાળી શકતી નથી.

કરીમ—દીકરી મેં મારી ફરજ બજાવ્યા ઉપરાંત એવું કાંઇ નથી કર્યું કે તમે ઉપકાર માનો.

જહાંકદર—કાકા, તમારી મહેરબાનીની તો હદથી વધારે છે પણ હવે તેમાં એટલો વધારો કરો કે હવે પછી નીચ ઇમામનનું મોહડું જોવામાંજ ન આવે.

કરીમ—એ ચિંતા હવે તમારે રાખવીજ ન જોઇએ, કેમકે મેં એ તો પ્રથમથીજ બંદોબસ્ત કરી રાખ્યો છે.

વાંચકો! કરીમખાને ઇમામનનો એવો પાકો બંદોબસ્ત કર્યો કે આજ સુધી કોઇએ તેને જોઇજ નથી. તે પછી કરીમખાન આ બંને જણાંની રજા લઇને ઘર તરફ વિદાય થયો, એટલે આલમઆરાએ જહાંકદરને કહ્યું.

આલમઆરા—મને જેવી મા મળી છે, તેવી જાણ્યામાં બીજા કોઇને નહી હોય, એક નીચ દાસીના ભરમાવ્યાથી પોતાની એકની એક દીકરીને સદાને માટે દુઃખના ખાડામાં નાંખવા તૈયાર થઇ ગઇ.

જહાંકદર—ખરેખર તમારી મા તદ્દનજ અજ્ઞાન છે,

આલમઆરા—અજ્ઞાન નહિ તો શું આ જ્ઞાનીનાં કામ છે?

જહાંકદર—અફસોસ! મા દીકરીની મોહોબ્બત તો દુનીયામાં મશહુર છે પણ તમારે ત્યાં તેથી તદન ઉલટુંજ છે.

આલમઆરા—હા જુવો તે? પણ હવે કોણ જાણે મારાપર કેવા કેવા દુઃખના પહાડો પડશે.

જહાંકદર—હવે નચિંત રહો કેમકે જે ભરમાવનારી હતી તેનું તો કાશળજ નીકળી ગયું છે.

આલમઆરા—પણ જ્યારે તેમને ખબર પડશે કે ઇમામન. ગેબ થઇ છે .ત્યારે તેઓ મારા પર શક લાવ્યા વિના રહેનારજ નથી.

જહાંકદર—હવે હજાર શક લાવે તો એ શું? તમે તમારે હિંમત રાખો !

જહાંકદર અને આલમઆરા આવી રીતે ઘણા દીવસના વિયોગને વાતો કરી વિસારતા હતા તેવામાં ટાવરના ઘડીઆળે ચારના ટકોરા વગાડી તેમની વાતોના શીલસીલાને તોડયો, ચાર વાગી ગયેલા જોઇ જહાંકદરે રજા માંગતાં કહ્યું.

જહાંકદર—લ્યો આલમઆરા, હું જાઉં છું !

આલમઆરા—ફરી ક્યારે દર્શન થશે ?

જહાંકદર—ભાગ્યમાં હશે ત્યારે !

આલમઆરા—નહિં હું આપને પત્ર લખીને ખબર આપીશ એટલે આપ જરૂર પધારજો.

જહાંકદર—ઇનશાઅલ્લાહ ! મારી આંખોથી ચાલીને આવીશ.

આટલું કહી જહાંકદર આલમઆરા પર છેલ્લી પ્રેમભરી નજર નાંખી પોતાના ઘર તરફ ગયો, આ તરફ આલમઆરા પણ ઉઠી અને પોતાની રૂમમાં જઇ પલંગપર પડી, અત્યારે તેણીને પોતાની આશામાં કામયાબીના ચિન્હ જણાયા અને આજ સુધી જે નિરાશાનું ક્ષણું સુખ જહાંકદર અને પોતાની વચ્ચે જોતી હતી તે

નાશ થએલું જણાયું તેના જીગરમાં એક જાતની ખુશાલી પેદા થતી હતી તેથી તેનું દીલ ધડક ધડક થતું હતું અત્યારે તે નિરાશામાંથી નીકળી આશાની એક સીડી ચઢી ચુકી હતી એટલામાં મસજીદનાં મુલ્લાંએ સવારની નમાઝની બાંગ પોકારી. બાંગનો સાદ સાંભળી આલમઆરા પોતાના વિચારોના વમળમાંથી જાગી અને તરત વઝુ કરી પાકપરવરદિગારની યાદમાં શું થાઇ, દશેક મીનીટમાં નમાઝ પઢીને તેણીએ ઘણીજ આજીજીથી દોઆ માંગી અને પછી રૂમમાં આવી પલંગપર પડી, થોડી વારમાં વિચારો કરતી કરતી નિંદ્રાને વશ થઇ.

સવાર થઇ ગયેલી હોવાથી અઝમતખાનમે ઇમામનને પોતાની પાસે ન આવેલી જોઇ પાંચ છ બુમો પાડી પણ જવાબ ન મળવાથી કરીમન નામની એક દાસીને ઇમામનને બોલાવા માટે કહ્યું. તેણી જઇને મહેલમાં બધે ઠેકાણે ઇમામનને શોધી આવી પણ તેણીનો પત્તો ન લાગવાથી આવીને કહેવા લાગી કે;—

કરીમન—બેગમસાહેબ ! ઇમામન તો મહેલમાં જણાતી નથી !

અઝમતખાનમ—મહેલમાં નથી તો બગીચામાં હશે મારા માટે ફુલ તોડવા ગઇ હશે, માટે જા હાલને હાલ બોલાવી લાવ.

કરીમન બહુ સારૂ કહીને બગીચામાં ગઇ અને બધા બગીચામાં ઇમામનની શોધ ચલાવી, પણ ક્યાંએ પત્તો ન લાગવાથી નિરાશ બની પાછી આવીને બેગમને કહ્યું.

કરીમન—બેગમ સાહેબ ! બધા બગીચામાં ઇમામનને શોધી પણ તેનો કાંઇ ઠેકાણે પત્તોજ લાગતો નથી !

અઝમતખાનમ—(ગભરાઇને) તો શું ન્હાસી તો નથી ગઇને ?

કરીમન—એને એવું તે શું દુઃખ પડ્યું કે નહાસી ગઇ!

અઝમતખાનમ—અરે હાં! કરીમન જરા જઇને જોઇતો આવ કે આલમઆરા ઉઠી છે કે નહિ, અગર ઉઠી હોય તો તરત મારી પાસે બોલાવી લાવ.

આ સાંભળી કરીમન આલમઆરાની રૂમમાં આવી અને તેને ભર નિંદ્રામાં પડેલી જોઇ પાછલા પગે અઝમતખાનમની પાસે આવી કહેવા લાગી.

કરીમન—નાહનાં બેગમ સાહેબ તો હમણાંજ સવારની નમાઝ પઢીને સુતાં છે તેથી તેમને જગાડવું વાજબી ના લાગતાં હું તો પાછી આવી.

અઝમત—(ગુસ્સાથી) ખુદાની માર એના સુખ રહેવાપર! અને તો એજ લુચ્ચીના કારસ્થાન દેખાય છે માટે જા હમણાંને હમણાં તેને લાત મારીને ઉઠાડ અને મારી પાસે લાવ, હું હવે તો તેની સઘળી હકીકત નવાબને કહી પુરેપુરી ગત બનાવું છું!

કરીમન દાસી બીજી દાસીઓ કરતાં આલમઆરાને બહુ ચાહતી હતી, તેથી તેને બેગમના આવા બોલોથી બહુજ લાગી આવ્યું. પણ પોતાનો કાંઇ ઉપાય ન હોવાથી લાચારીએ તે આલમઆરાની રૂમમાં આવી અને તેને ભર નિંદ્રામાં પડેલી જોઇ હાથમાં પંખો લઇ તેના પર પવન નાંખવા ઉભી થઇ ગઇ. પરંતુ બેગમની બીકથી પંખાને બાજુએ મુકી હળવેથી આલમઆરાને જગાડવા

મોડયું. કરીમનનો હાથ લાગતાંજ આલમઆરા જાગ્રત થઇ અને કરીમનને ઉભેલી જોઇ પુછયું.

આલમઆરા—કેમ, કરીમન અત્યારે કેમ આવી?

કરીમન—આપને, મોહટા બેગમ સાહેબ બોલાવે છે.

આલમઆરા—ઓ ખુદા, સહવારની પોહોરમાંજ શું આફત આવવાની છે કે માએ મમતાથી કરીમનને બોલાવા મોકલી!

અઝમત—નહાના બેગમ સાહેબ, મમતા અને માયાની વાત કેવી? આજ રાતે ઇમાનન જાણ્યામાં કોઇની સાથે નહાસી ગઇ છે, તો તેને નસાડી મુકવાનો આરોપ આપ ઉપર મુકીને હમણાં યાદ કર્યાં છે.

આલમઆરા—વાહ! વાહ! ઘણુંજ સરસ ઇનસાફ! નહાસી જાય દાસી ને આરોપ આવે દીકરી પર!

આલમઆરા ઉઠીને મોંહ હાથ ધોઇ બેગમ સાહેબની રૂમમાં ગઇ, જ્યાં તેઓ વિકરાળ વાઘની પેઠે ગુસ્સામાં ભુત બનીને બેઠાં હતાં. આલમઆરાએ જઇને માને સલામ કર્યા અને બેસવાની તૈયારીમાં હતી કે તરતજ બેગમ સાહેબ ફરકી ઉઠયાં.

અઝમત—આલમઆરા! તારા બદલે મેં સાપનો જન્મ આપ્યો હોત તો સારૂં થાત!

આલમઆરા—(અદબથી નીચી નજર કરી) આ મારી કમનસીબી છે કે આપ સગા મા થઇને મારા માટે આવું વાસ્તે બોલો છો અને મારી હસ્તીને નકામી સમજો છો.

અઝમત—સમજ્યે શું ધુળ ! જ્યારથી તું જન્મી છે ત્યારથી મને તો દુઃખ દુઃખ ને દુઃખજ આપતી રહી છે. એક પળ પણ સુખની ઘડી નસીબ થવા દીધી નથી, ન્હાનપણમાં દુઃખ આપ્યું તે આપ્યું પણ મોહટી થઇનેએ તું મારા સુખનો નાશ કરવા ચુકતી નથી.

આલમઆરા—અમ્માજાન, મને યાદ નથી પડતું કે મેં આપને લેશ માત્ર પણ દુઃખ પોંહચાડયું હોય અથવા મારા સબબે આપે દુઃખ ઉઠાવ્યું હોય !

અઝમત—હું જે વસ્તુને ચાહું તેને તું ધીઃકારે તે શું દુઃખ પહોંચાડયું ન કહેવાય ?

આલમઆરા—આપે એવી કઇ વસ્તુને ચાહી કે તેને મેં ધીઃકારની નજરથી જોઇ હોય !

અઝમત—લે ચાલ હવે રહેવા દે તારી ફીલસુફી, મારે આ તારો વાદવિવાદ નથી સાંભળવો, તું ભણેલી ગણેલી છે તેથી નીકળી જવાના હજાર ફાંફાં મારીશ પણ યાદ રાખ હું તને મુકનાર નથી.

આલમઆરા—પણ મેં આપની કઇ ચાહેલી વસ્તુને તરછોડી !

અઝમત—શું તું મારી ઇમામનથી દરરોજ નહોતી લડતી ?

આલમઆરા—એક નિચ દાસી આપના હુકમનો અનાદર કરે અને તેને હું જરા ધમકાવું તો તે શું લડવું થયું !

અઝમત—તને કહ્યું તો ખરૂં કે મારે તારો પટપટારો નથી સાંભળવો, માટે સાફ સાફ કહી દે કે તે ઇમામનને ક્યાં સંતાડી છે?

આલમઆરા—કોને ઇમામનને ? અને મેં સંતાડી ! અજબ !!

અઝમત—હા ! હા ! તેં તેં તેં !! સંતાડી અથવા નસાડી મુકી.

આલમઆરા—અરે, તે તો મારા જેવી દસને વેચીને ચણા ખાઇ જાય તેવી છે.

અઝમત—હું કદી માનુંજ નહિ ને, જરૂર તેંજ સંતાડી અથવા નસાડી મુકી છે, કારણ કે હવે તું પહેલાં જેવી રહી નથી, જરૂર તેં પેલા ઇરાનીઓના હાથે તને બચાવનાર યારની મારફતે ઇમામનને કોઇક જગ્યાએ નસાડી દીધેલી હોવી જોઇએ.

"યાર" શબ્દ સાંભળતાંજ આલમઆરાના તન બદનમાં ગુસ્સાનો અગ્નિ ફુંકાઇ ગયો તેથી તે ધ્રુજતાં ધ્રુજતાં બોલી.

આલમઆરા—મા, મા, જરા બોલતાં વિચાર કરો, અને જીભને કાબુમાં રાખો, એક નિચ દાસીના લીધે એકની એક સગી દીકરીના માટે આવા નિચ વિચાર ધરાવો છો તે તમારા, જેવી બેગમને જરાએ શોભતું નથી.

અઝમત—ઠીક છે, ઠીક છે, તારા બાપને ઉઠવા દે, પછી તારી વાત છે!

આલમઆરા—જરૂર, જરૂર, તમે નહિ કહો તો હું પોતે કહીશ.

આલમઆરા આટલું કહી ગુસ્સામાંને ગુસ્સામાં પોતાની રૂમમાં ચાલી ગઇ અને પોતાની બેવકુફીપર અફસોસ કરવા લાગી. ત્યાં તેને થોડીક વાર થઇ હશે કે કરીમન દાસીએ આવીને કહ્યું.

કરીમન—હાના બેગમસાહેબ આપના પીતાજી આપને યાદ કરે છે.

આલમઆરા—જા આવું છું.

કરીમનના જવા પછી આલમઆરા ઉઠી અને ફરી હાથ મોં ધોઇ પોતાના પીતાની રૂમમાં ગઇ જ્યાં અઝમતખાનમ પણ બેઠેલી હતી. આલમઆરા અદબથી મા અને બાપને સલામ કરી બેસી ગઇ. થોડી વાર પછી નવાબ સાહેબે નરમાશથી પુછ્યું.

નવાબ—દીકરી, તને કાંઇ ખબર છે કે ઇમામન ક્યાં નહાસી ગઇ ?

આલમઆરા—જી હા ! હું સારી પેઠે જાણું છું કે તે કેમ અને કેવી રીતે આ ઘરમાંથી ગઇ.

અઝમત—(ખુશીના આવેશમાં આવી) જુઓ હું નહોતી કહેતી કે આને બધી વાતની ખબર છે અને ઇમામનને નસાડવામાં મુખ્ય હાથ આનોજ છે.

આ સાંભળી નવાબ સાહેબે બેગમને દબાવતાં કહ્યું.

નવાબ—બસ, બસ, છાનાં રહો, હું સારી પેઠે જાણું છું કે તમે તથા નિત્ય ઇમામને મારી દીકરીપર કેવા કેવા જુલમ ગુજાર્યા છે!

બેગમ—(છણકાથી) હા સાહેબ, હવે તમે પણ દીકરીનીજ તરફેણમાં બોલશો !

નવાબ—હા ! જરૂર બોલીશ, કેમકે જ્યારે તમે સગી મા થઇને દાસીના ભરમાવ્યાથી એકની એક દીકરીપર જુલમ ગુજારો ત્યારે શું હું બાપ થઇને તેની તરફેણ ન કરૂં ? અને કાંઇ ન બોલું !

અઝમત—ના, જરૂર બોલો. અને જરૂર તરફેણ કરો ? તમે નહિ બોલો તો શું તે આવીને બોલશે કે જેની સાથે તમારી દીકરી દરરોજ બાગમાં બેસીને વાતો કરે છે ?

આલમઆરા—હા ! મને લાચાર નિરાધાર અને ફંદામાં ફસાએલી જોઇ એક યુવાન મુક્ત કરાવવા આવ્યો હતો જેની સાથે અલબત મેં વાત કરી હતી.

નવાબ—લાચાર, નિરાધાર, કેવી રીતે ?

આલમઆરા—એક તો નાદિરશાહી કતલના દીવસે અને એક બીજા વખતે.

નવાબ—(દુઃખી અવાજમાં) શું બીજી મુસીબત પણ પડી હતી ?

આલમઆરા—જી હા, કાલ રાતનીજ વાત છે કે નિય પ્રમાન ણે ચાર બદમાશોને બાગની દિવાલ પાસે ઉભા રાખી મને રસ્તાને બહાને ત્યાં લઇ ગઇ, જેવી હું ત્યાં પોંહચી કે તરત તે બદમાશો મને પકડવાને ધસ્યા, પણ લાખ લાખ શુકર તે [illegible] પરવરદિગારના કે તેજ યુવાને આવી બદમાશોને પકડી

લીધા અને મારી તથા મારા બાપ દાદાની જતી આબરૂ બચાવી લીધી. નહિં તો અત્યારે જેવી રીતે અંમા સાહેબ દાસીની જુદાઇમાં આકુળ વ્યાકુળ થઇ રહ્યા છે તેવીજ રીતે આપ અત્યારે પોતાની પુત્રીની જુદાઇમાં આકુળ વ્યાકુળ થાત, હવે અત્યારે હું આપની સામે પાક પરવરદિગારને હાજર નાઝર સમજીને કહું છું કે જે આરોપ યુવાનની સાથે મારે કાંઇ છે એમ અંમા સાહેબ મુકે છે તેમાં સત્ય માત્ર એટલું છે કે તે યુવાને મને બે ત્રણ વખત બચાવી છે ત્યારથી મારા મનમાં તેની જગ્યા થઇ ગઇ છે. એ સિવાય મેં એક ડગલું પણ આપણા પવિત્ર મઝહબથી ઉલટું ભર્યું નથી. બાવા જાન, અત્યારે જે મેં બેશરમીની વાત કહી છે તે મને માફ કરજો, શું કરૂં અંમાજાનના મેહણાં સાંભળતાં સાંભળતાં મારૂં કલેજું પાકી આવ્યું છે. તેથી આ બેશરમીની વાત કહેવાની હિંમત કરી છે. આટલું કહી આલમઆરા રોઇ પડી, તરતજ નવાબે તેને છાતી સરસી ચાંપી ને બેગમને ગુસ્સાથી કહ્યું.

નવાબ—હવે મારે ત્યાં તમારો નભાવ થવો મુશ્કેલ છે, માટે આપ પણ ઇમામનની પેઠે પીયેર પધારો. તમારા ખરચ માટે હું દર મહીને રૂપીઆ મોકલતો રહીશ.

અઝમતખાનમનું દીલ પણ ઇમામન વિના લાગે તેવું નહોતું, તેથી આ વાતચીત થયાના બીજેજ દીવસે સરસામાન બાંધી પોતાના પીએર સીધાવ્યાં.

પ્રકરણ આઠમું.

પ્રેમી પ્રેમ પરીક્ષામાં થઇ ગયો જ્યારે પાસ
પ્રભુએ પુરી કરી હતી જે તેની આશ

જે રાતે આલમઆરાને જહાંકદરે બદમાશોના હાથથી મુકત કરાવી તે રાત પછી જહાંકદર આલમઆરાને મળી શકયો નથી પણ પ્રેમ પત્રોથી એ બંને પ્રેમીઓની મુલાકાત થઇ હતી એક વખતે જહાંકદરે આલમઆરાને લખ્યું કે હવે હું ક્યાં સુધી વિયોગ દુઃખ ઉઠાવું હવે તો મારામાં વિરહદુખ ઉઠાવવાની લગારે શકિત રહી નથી માટે હવે શું કરૂં ? આલમઆરાએ જહાંકદરના આ પત્રનો જવાબ આપ્યો નહિ પણ માત્ર દદાની માર-ફતે કહેવરાવ્યું કે વડીલોની મરજીને આધિન રહેવું એ સપુતોની નિશાની છે જહાંકદર આ વાક્યનો ભાવાર્થ સમજી ગયો પણ શરમના લીધે પોતાના વડીલોને કાંઇ કહી શકયો નહિ પરંતુ જહાં-કદર અને આલમઆરાના પ્યારની વાત નવાબ અનીસુલમુલ્કના કાન સુધી આગલા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે પોંહચી ચુકી હતી તેથી તેઓએ પ્રથમ તો પોતાની બેગમ અમીરન્નીસાથી આ વાતમાં સલાહ લીધી, અમીરન્નીસા બહુજ સમજદાર અને બુદ્ધીવાન સ્ત્રી હોવાથી તેણે પોતાના ખાવિંદને કહ્યું કે હું પણ દરરોજ જોઉં છું કે જહાંકદર અફસોસ અને દીલગીરીમાંજ પડેલો રહે છે. પ્રથમની

પેઠે ફરવા હરવા પણ જતો નથી અને આખો દીવસ પોતાની રૂમ બંદ કરીને બેસી રહે છે માટે હવે તેને લગ્નથી જોડી દઇ તેની દીલગીરી અને અફસોસીને કાપવી જોઇએ અનીસુલમુલ્કે પોતાની બેગમને પોતના મત સાથે મળતી જોઇ આલમઆરાની વાત કહી આ સાંભળી બેગમ બહુજ ખુશી થઇ કેમકે આલમઆરાની પ્રશંસા તે ઘણા દીવસથી સાંભળતી હતી વળી નહાનપણમાં તેને જોએલી હોવાથી બેગમે પોતાની ખાસ મરજી દેખાડીને નવાબને કહ્યું કે આપણા જહાંકદર માટે બહુજ સારૂ ઘર છે માટે તમે જલદીથી બંદોબસ્ત કરી નાંખો. નવાબ સાહેબે જવાબ આપતાં કહ્યું કે તમે પ્રથમ જહાંકદરને પણ પુછી લ્યો જો કે તે ના તો કહેનારજ નથી પરંતુ વખત છે તેનો વિચાર બદલાઇ ગએલો હોય તો ફરી લગ્ન કરીને નકામી તેના ગળે પીડા વેરવા જેવું થશે. બેગમે કહ્યું ઠીક હું પુછી લઇશ. નવાબના ગયા પછી બેગમે તરતજ જહાંકદરને બોલાવ્યો અને કહ્યું.

બેગમ—બેટા! હવે તું લગ્ન લાયક થએલો હોવાથી અમે તારા લગ્ન કરી દેવા ચાહીએ છીએ કહે તારી શું મરજી છે!

જહાંકદર—(શરમાઇને) અંમાજાન આપ તથા બાવાજાન વડીલ છો.

બેગમ—બેશક અમે વડીલ તો છીએ પણ લગ્ન તારે કરવું છે અને આખી જીંદગી સુધી તારે નભાવ કરવો છે માટે કહે એમાં શરમાવવાની વાત નથી નવાબ ફરહતુદ્દોલાની દીકરી આલમઆરાની સાથે તારા લગ્ન કરવાનો અમારો વિચાર છે માટે તું પોતાનો મત સાફ જણાવી દે.

જહાંકદર—અમાજાન આપ જે કરશો તે મુનાસબજ કરશો માટે હું કાંઇ પણ અરજ કરી શકતો નથી.

બેગમે જ્યારે પોતાના દીકરાને રાજી થએલો જોયો ત્યારે તરતજ નૈવાબને બોલાવીને કહ્યું કે તેઓએ પોતાના મીત્રોની મારફતે નવાબ ફરહતુદદૌલાને આ વાત કહી. તેઓએ પ્રથમ પોતાની પુત્રી આલમઆરાની મરજી પુછાવી અને પછી હા કહી. જ્યારે જહાંકદર અને આલમઆરાને આ વાતની ખબર પડી ત્યારે તેઓના હર્ષનો પાર રહયો નહિ અને દહાડા ગણવા લાગ્યા. નવાબ અનીસુલમુલ્કે લગ્નની હા થતાંજ મંગણીની રસમ ધામધુમ સાથે અદા કરી અને લગ્નની તારીખ નક્કી કરી આખરે લગ્નનો મુબારક દીવસ આવી પહોંચ્યો. જહાંકદરના આનંદનું પુછવુંજ શું ? લગ્નના દીવસે નવાબસાહેબે આખા શહેરનું જમણ કર્યું અને રાતે ધુમધામની સાથે જહાંકદરનો વરઘોડો ચઢાવ્યો. જહાંકદર જરીના પોશાક ઉપર હીરામાણેક જડીત પાઘડી પેહરી અને માથે સોનાના રૂપાના ફુલોનો સેહરો બાંધી ઘોડા ઉપર અસવાર થઇ વાજા ગાજા અને બંદુકોના અવાજોની સાથે આલમઆરાના મહેલપર આવ્યો. વરઘોડાને નવાબ ફરહતુદદૌલાએ એક મોહટા મંડપમાં ઉતારો આપ્યો. થોડીવારમાં શહેરના મોહટા કાજીસાહેબ પધાર્યા તેઓએ વકીલ અને ગવાહો રાખીને આ બન્ને પ્રેમીઓને લગ્નની પવિત્ર ગાંઠથી બાંધવા માટે નિકાહ પઢાવ્યો આજુબાજુથી દોસ્ત આશના અને સગા સ્નેહીઓએ મુબારક સલામતની ધુમ મચાવી દીધી. નિકાહ થયા બાદ શીરીન શરબત પીલાવવામાં આવ્યું તે પછી કાજી સાહેબ વિદાય થયા એટલે તરતજ વાયફાઓ આવ્યા અને તેઓએ નાઝનખરાથી ગાન

તાન શરૂ કર્યું. આખી રાત ગાનતાન ચાલ્યું બીજે દીવસે નવાબ ફરહતુદદોલાએ બરાતીઓની સારી આગતા સ્વાગતા કરી અને સાંજે આલમઆરાને દુલહન બનાવી પાંચ લાખ રૂપીયાનો દહેજ આપી વિદાય કરી. પોતાની પ્રિયા દુલહન બનીને પાલખીમાં બેઠી છે અને પોતે ઘોડા ઉપર બેસી વાજાગાજાની સાથે જાય છે તે વિચાર આવવાથી જહાંકદરના હર્ષનો પાર રહયો નહિ દુલહનને લઇને દીકરો આવે છે તેને સનમાન આપવા માટે જહાંકદરની મા પોતાના મહેલ ઉપર પહેલાથી જઇને બેઠી હતી દુલહનની પાલખી મહેલના દરવાજા પાસે રાખી જહાંકદરે આવી આલમઆરાને ગોદમાં ઉઠાવી મહેલમાં પલંગપર જઇને બેસાડી તે વખતે બેગમસાહેબે સોના રૂપાના ફુલથી દીકરા અને વહુને વધાવી લીધાં.

જે આલમઆરાના વિયોગમાં જહાંકદર મજનું બની રહયો હતો અને જે આલમઆરાનાં દર્શન માટે તે તલપી રહયો હતો તે આલમઆરાને પોતાના મકાનમાં દુલહન બનીને બેઠેલી જોઇ હર્ષથી અર્ધ ગાંડો થઈ ગયો અને એક એક મીનીટનો હિસાબ કરવા લાગ્યો. છેવટે સુર્યનારાયણ અસ્ત થયા. આખા મહેલમાં રોશની કરવામાં આવી અને જહાંકદરના ઓરડાને સુગંધીમય પુષ્પોથી શણગારવામાં આવ્યો આશરે નવ વાગે બે ચાર સ્ત્રીઓએ આલમ-આરાને ઓરડામાં લાવીને બેસાડી અને જહાંકદરને ખબર આપી જહાંકદર ખુશીના આવેશમાં પોતાના ઓરડામાં ગયો અને આલમ-આરાને જોઇ ગાંડો ઘેલો બની ગયો જે રાત અથવા જે મુલાકાત માટે પ્રેમીઓ રૂદન કરે છે ગાંડા બને છે દુખ ઉઠાવે છે. લોકોના મેહણા સાંભળે છે અને જે વસ્તુને કે તેઓ ધીક્કાર કરે છે, તેને

પ્રિયાના મેલાપની ખાતર જીગરથી ચાહે છે તે રાત આજે જહાંકદર જેવા સાચા પ્રેમીને નસીબ થએલી જોઇ, પ્રિય વાંચકો! આપણે અહિં ઉભા રહેવુ નહિ જોઇએ તે બન્ને પ્રેમીઓને વિરહ દુઃખ કાપનાર મુલાકાતનો લાભ લેવા દો! મળવા દો! ભેટવા દો! પેટ ભરીને વાતો કરવા દો!

જહાંકદર પોતાના લગ્ન વખતે તે બુઢા કરીમખાનને ભુલ્યો નહોતો જેની મદદવડે આજે આલમઆરાથી ભેટવા પામ્યો હતો જહાંકદરે કરીમખાનને લગ્ન પ્રસંગે મોહટાં ઇનામો આપ્યા અને પોતાના પીતાને કહીને ઇનામો અપાવ્યાં તથા પોતાના જનાનખાનાની દેવડીના દારોગાની જગ્યા ઉપર નીમ્યો જ્યાં કરીમખાને પોતાની જીંદગીનો પાછલો હીસ્મો પુરો કર્યો ગીરધારી અને બનુને પણ પોતાની તહેનાતમાં રાખ્યા જ્યાં તેઓ નીમકહલાલીથી હમેશ સુખી રહ્યા.

આલમઆરાની મા અઝમતખાનમે દીકરીના લગ્ન ઉપર આવવા ઘણી વખતે કહેવરાવ્યું પણ નવાબ ફરહતુદ્દૌલાએ સાફ ના પાડી પરંતુ ફરી આલમઆરાના સમજાવવા અને વીનવવાથી બોલાવી હવે અઝમતખાનમ પહેલાં જેવી રહી નથી જેવી રીતે તે પોતાની દીકરીથી પહેલાં અદાવત રાખતી હતી તેવીજ રીતે બલકે તેથી પણ વધારે હેતથી હવે તે આલમઆરાને ચાહવા લાગી.

લગ્નના બીજા વરસે ખુદાના ફઝલથી આલમઆરા એક ચાંદ જેવા પુત્રની માતા બની, અને તે પછી તેનો વંશ એટલો બધો વધ્યો કે અત્યાર સુધી દીલ્હીમાં અમનચેનથી રહે છે અને નવાબના માન

બન્ને પોતાનાથી ઓળખાય છે. તેમના ફરઝંદો તો લખનૌ અને હૈદ્રાબાદમાં જઈને વસ્યા છે અને સારી આબરૂ ધરાવે છે.

આ વાર્તા પુરી કરવા પહેલાં આટલું જણાવી દેવું વાજબી ગણાશે કે જહાંકદરના માહટા પુત્ર માહકદરને નવાબ ફરહતુદ્દૌલાએ પોતાની તમામ દોલતનો વારસ બનાવ્યો અને આખી જીંદગી બહુજ આરામ અને સુખમાં ગુજારી. કોઈ કોઈ વખતે આલમઆરાને જહાંકદર રમુજમાં કહેતો કે " પ્યારી, મારે તો નાદિરશાહનો આભાર માનવો જોઈએ કે જેના કતલેઆમના હુકમના પ્રતાપે હું આજે તને મેળવવા ભાગ્યશાળી બન્યો છું."

સમાપ્ત.

છપાય છે ! થોડાજ સમયમાં બહાર પડશે ! છપાય છે !

"જંગે બદર."

[બનાવનાર—નિઝામુદ્દીન કુરેશી.]

હઝરત રસુલે કરીમ સલઅમના મુબારક સમયમાં થએલી બદરની લડાઇની સંપુર્ણ હકીકત વાર્તાના રૂપમાં છપવામાં આવી છે કે જે દરેકે દરેક ઇસ્લામી તથા હિન્દુસ્તાની વાર્તાઓના શોખીનો માટે ખાસ વાંચવા લાયક છે એક વખત શરૂ કર્યા પછી પુરી કર્યા વિના નહીં રહે, ઉંચા કાગળ, સુંદર છપાઇ અને મનહરણ બાંધણીના પુસ્તકની કિંમત ફક્ત રૂપીઆ એક. પોસ્ટેજ જુદું. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી બાર આના, પોસ્ટેજ જુદું.

મળશે

નિઝામીયા બુક ડેપો,
પાંચપટી—અમદાવાદ.